પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૪-૦૩-૨૦૨૫- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૯૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# બિહારમાં એક જ રાતમાં બે હત્યાથી લોકોનો પોલીસ પર હુમલો

**પોલીસે સમયસર કાર્યવાહી ન કરતા હત્યા થયાનો આરોપ**

**ઉશ્કેરાયેલા લોકોએ પોલીસને દોડાવી દોડાવીને માર માર્યો**

પટણા, તા. ૨૪

બિહારમાં તાજેતરનાં દિવસોમાં તપાસનીશ પોલીસ જવાનોની હત્યા, કેન્દ્રીય મંત્રીના પરિવારમાં ફાયરીંગ જેવા ઘટનાક્રમ વચ્ચે વધુ એક ચોંકવનારો બનાવ બન્યો છે. સિવાનમાં બે લોકોની હત્યાથી ઉશ્કેરાયેલા લોકોએ તપાસ માટે પહોંચેલી પોલીસને દોડાવી-દોડાવીને માર માર્યો હતો.



સિવાનમાં વિશાલ યાદવ નામનાં યુવાનનું અપહરણ કરીને ગુંડાઓએ ગોળીબાર કરીને હત્યા કરી હતી. આ સિવાય પ્રમોદ યાદવની અન્ય એક બનાવમાં હત્યા થઈ હતી. એક જ રાતમાં હત્યાનાં બ બનાવતી લોકો ઉશ્કેરાયા હતા અને માર્ગો પર ચક્કાજામ સર્જી દીધો હતો. હત્યા કરાયેલા બન્ને યુવાનોનાં મૃતદેહોને હત્યારાઓએ અવાવરૂ જગ્યાએ ફેંકી દીધો હતો. મૃતદેહન, પોસ્ટમોર્ટમ માટે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા ત્યારે તપાસ માટે પોલીસ પહોંચી હતી આ દરમ્યાન ઉશ્કેરાયેલા લોકોએ પોલીસને નિશાન બનાવી હતી અને દોડાવી-દોડાવીને માર મારતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. લોકોએ એવો આરોપ લગાવ્યો હતો કે હત્યાની માહીતી આપવા છતાં પોલીસે કોઈ કામગીરી કરી ન હતી. અપહરણની જાણ કરવા છતા પોલીસે ઘટનાને ગંભીરતાથી લીધી ન હતી અને તે દરમ્યાન અપહરણકારોએ હત્યા કરીને તેની લાશ ફેંકી દીધીહતી. હત્યાનાબે બનાવ વચ્ચે માઘી ગામમાં પણ અપરાધીઓએ હોટેલ સંચાલક પર અંધાધુંધ ગોળીબાર કરીને હત્યાનો પ્રયાસ કર્યો હતો.

## નવી દિલ્હી સ્ટેશન પર ભીડ ભારે પોલીસ દળની તૈનાતી

**અફડા તફડીની સ્થિતિ કાબુમાં લેવા પોલીસની મથામણ**

નવી દિલ્હી, તા. ૨૪

અત્રેના રેલવે સ્ટેશન પર ફરી એકવાર ભાગદોડની સ્થિતિની ખબર બહાર આવી છે. સ્યેશનનાં પ્લેટફોર્મ નંબર ૧૨ અને ૧૩ પર મોટી સંખ્યામાં યાત્રીઓ એકઠા થયા હતા. ભાગદોડની સ્થિતિ શિવગંગા એકસપ્રેસ, સ્વતંત્ર સેનાની એકસપ્રેસ, જમ્મુ રાજધાની એકસપ્રેસ, લખનૌ મેલલ અને મગધ એકસપ્રેસનાં પ્રસ્થાનમાં વિલંબથી થઈ હતી. જોકે આ ભાગદોડમાં કોઈ ઘાયલ નથી થવું ભીડ નિયંત્રીત કરવા તરત પોલીસ ટીમ તૈનાત કરી દેવાઈ હતી. જોકે આ ઘટનામાં કોઈને ઈજા નથી થઈ તેમ પોલીસે જણાવ્યું હતું કે જયારે બીજી બાજુ રેલવેએ ભાગદોડની ઘટનાનો ઈન્કાર કર્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

## જો મણિપુર હિંસા મામલે ચર્ચા થાય તો ઉકેલ દૂર નથી : જસ્ટિસ ગવઈ

**મણિપુર હાઈકોર્ટની સ્થાપના દિવસના કાર્યક્રમમાં જસ્ટિસ ગવઈની હાજરી**

ઈમ્ફાલ, તા. ૨૪

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીઆર ગવઈએ રવિવારે કહ્યું કે બધી સમસ્યાઓનો ઉકેલ બંધારણીય પદ્ધતિઓ દ્વારા લાવી શકાય છે. જ્યારે વાતચીત હોય છે, ત્યારે ઉકેલો સરળતાથી મળી જાય છે.

જસ્ટિસ ગવઈએ કહ્યું, 'મણિપુરના લોકો જાતીય સંઘર્ષથી ખૂબ જ પરેશાન છે.' દરેક વ્યક્તિ ઈચ્છે છે કે ફરીથી શાંતિ સ્થપાય. વર્તમાન સ્થિતિમાં કોઈને રસ નથી.

તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટના જજો માટે તે રાજ્ય (મણિપુર)ની મુલાકાત લેવી ખૂબ જ આનંદની વાત છે જ્યાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝ અને ભારતીય રાષ્ટ્રીય સેનાએ દેશની સ્વતંત્રતા માટે લડત આપી હતી. જ્યાં ૧૯૪૪માં પહેલી વાર તિરંગો ફરકાવવામાં આવ્યો હતો.

ખરેખરમાં, જસ્ટિસ ગવઈએ ઈમ્ફાલમાં મણિપુર હાઈકોર્ટની સ્થાપનાની ૧૨મી વર્ષગાંઠ પર આયોજિત એક કાર્યક્રમમાં આ વાત કહી હતી. શનિવારે, સુપ્રીમ કોર્ટના છ જજ, જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ એમએમ સુંદરેશ, જસ્ટિસ કેવી વિશ્વનાથન અને જસ્ટિસ એન કોટિશવર સિંહનું એક પ્રતિનિધિમંડળ મણિપુર પહોંચ્યું હતું.

૨૨ માર્ચે સુપ્રીમ કોર્ટના ૬ જજ જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ એમએમ સુંદરેશ, જસ્ટિસ કેવી વિશ્વનાથન અને જસ્ટિસ એન કોટિશવર સિંહનું એક પ્રતિનિધિમંડળ શનિવારે મણિપુર પહોંચ્યું. જસ્ટિસ ગવઈએ ચુરાચાંદપુરમાં ૨૯૫ કાનૂની સેવા શિબિરો, આરોગ્ય શિબિરો અને કાનૂની સહાય ક્લિનિકનું ઉદ્ઘાટન કર્યું. જસ્ટિસ ગવઈએ કહ્યું હતું કે આપણા બંધારણનો ઉદ્દેશ્ય સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય આપવાનો

અનુસંધાન પાના ૭ પર

## શેર બજારમાં તેજી પાછી ફરી સેન્સેક્સ ૭૫૦ પોઈન્ટ ઉછળ્યો

**રોકાણકારોની મૂડીમાં ચાર લાખ કરોડનો વધારો**

મુંબઈ, તા. ૨૪

શેરબજારમાં સળંગ બીજા સપ્તાહની શરૂઆત સકારાત્મક રહી છે. સેન્સેક્સ આજે ૫૫૦.૭૬ પોઈન્ટના ઉછાળે ખૂલ્યા બાદ ૭૬૬.૬ પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જે ૧૦.૩૯ વાગ્યે ૭૫૭.૯૭ પોઈન્ટના ઉછાળે ૭૭૬૬૩.૪૮ પર ટ્રેડ થઈ રહ્યો હતો. એકંદરે સાર્વત્રિક લેવાલીના માહોલ વચ્ચે રોકાણકારોની મૂડીમાં આજે ૪.૨૧ લાખ કરોડનો વધારો થયો છે.

નિફ્ટી૫૦ પણ આકર્ષક સુધારા સાથે આગેકૂચ કરી રહ્યો છે. આજે નિફ્ટી ૨૩૫૦૦ના મજબૂત તેજીના સપોર્ટ લેવલે ખૂલ્યા બાદ ૨૩૫૮૩.૨૫ની સપાટીએ પહોંચ્યો હતો. જે ૧૦.૪૧ વાગ્યે ૨૨૩.૮૦ પોઈન્ટના ઉછાળે ૨૩૫૭૪.૫૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. બેન્કિંગ અને ફાઈનાન્સ શેરોમાં નીચા મથાળે ખરીદી વધતાં બેન્ક નિફ્ટી ૯૯૬ પોઈન્ટના ઉછાળે કારોબાર થઈ રહ્યો હતો. વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓના વાદળો દૂર થઈ રહ્યા છે. આર્થિક ગતિવિધિઓ મજબૂત બની છે. પરિણામે વૈશ્વિક શેરબજારોમાં પણ સુધારો જોવા મળ્યો છે. ભારતનું અર્થતંત્ર પણ વેગવાન બન્યું હોવાના અહેવાલો વચ્ચે છેલ્લા લગભગ એક માસથી ચાલી રહેલી મંદીનો અંત આવ્યો છે. માર્કેટે તેજીનો યુટર્ન લીધો છે.

અનુસંધાન પાના ૭ પર

## નાગપુર હિંસા : આરોપી ફહીમ ખાનનું ગેરકાયદે મકાન તોડી પડાયું

**નાગપુર મ્યુનિ. કોર્પોરેશને સંજય બાગ કોલોનીમાં ડીમોલીશન કર્યું**

નવી દિલ્હી, તા. ૨૪

મહારાષ્ટ્રના નાગપુરમાં ગત સોમવારે ઔરંગઝેબની કબરને હટાવવાને લઈને ફાટી નીકળેલી હિંસામાં માસ્ટરમાઈન્ડ ફહીમ શમીમ ખાનના ઘર પર બુલડોઝર ચલાવવામાં આવ્યું હતું. તેના ઘરનો ગેરકાયદેસર ભાગ બુલડોઝર વડે તોડી પાડવામાં આવ્યો છે. ઘર ફહીમની પત્નીના નામે નોંધાયેલું છે. આ ઘર ૮૬.૪૮ ચોરસ મીટરમાં બનેલ છે. ફહીમની મોમીનપુરા વિસ્તારમાં બુરખાની દુકાન છે.

આરોપ છે કે ફહીમે લોકોને ઉશ્કેરીને ભીડ એકઠી કરી હતી. કોર્ટે તેને ૨૧ માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. પોલીસે દાવો કર્યો છે કે મુખ્ય આરોપી ૩૮ વર્ષીય ફહીમ શમીમ ખાન આ રમખાણને ઉશ્કેરવામાં સામેલ હતો. શમીમ લઘુમતી ડેમોક્રેટિક પાર્ટી (સ્થ્ઠ) ના નાગપુર શહેરનો પ્રમુખ છે. મળતી માહિતી મુજબ, મહાનગરપાલિકાએ તેમને જાતે જ ગેરકાયદે બાંધકામ દૂર કરવા માટે ૨૪ કલાકનો સમય આપ્યો હતો જે પૂર્ણ થઈ ગયો છે પરંતુ તેમણે બાંધકામ હટાવ્યું ન હતું. આ પછી હવે ઘર પર બુલડોઝર ચલાવવામાં આવ્યું છે. આ કાર્યવાહી ત્યારે કરવામાં આવી રહી છે જ્યારે ૧૭ માર્ચે રમખાણો બાદ શહેરમાં લાદવામાં આવેલ કર્ફ્યુ હટાવી લેવામાં આવ્યો છે.

નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશન સંજય બાગ કોલોનીમાં ફહીમ ખાનનું બે માળનું મકાન છે, જેને આજે તોડી પાડવામાં આવ્યું છે. આ પહેલીવાર હશે જ્યારે દ્રસ્ઝ્રએ રમખાણોના આરોપીની મિલકત પર આવી કાર્યવાહી કરી અને ગેરકાયદે બાંધકામને બુલડોઝ ફેરવ્યું હોય.

માહિતી અનુસાર, આ હિંસામાં ફહીમ ખાનની સાથે સૈયદ આસિમ અલીનું નામ પણ સામે આવ્યું છે અને તે પણ લઘુમતી ડેમોક્રેટિક પાર્ટીનો અધિકારી છે. નાગપુર પોલીસે ફહીમ ખાનની બે દુકાનો

અનુસંધાન પાના ૭ પર

## તા. 30 એપ્રિલથી ચારધામ યાત્રા વિધિવત શરૂ થશે

**હવે ઋષિકેશ હરિદ્વાર, જોલીગ્રાંટથી ઉડાન ભરી શકશે હેલીકોપ્ટર**

નવી દિલ્હી, તા. ૨૪

ઉતરાખંડમાં આવનારા દિવસોમાં ચાર ધામ માટે જોલીગ્રાન્ટ, હરિદ્વાર અને ઋષિકેશમાંથી પણ હેલિકોપ્ટર સેવા શરૂ કરવાની તૈયારી થઈ રહી છે ઉતરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ ઓથોરીટી (યુકાડા)એ તૈયારી શરૂ કરી દીધી છે. રાજયમાં ચારધામ યાત્રાની શરૂઆત ૩૦ એપ્રિલથી થઈ રહી છે. કેદારનાથ ધામનાં કપાટ બે મેથી ખુલશે.

આથી બહારથી ચારધામ યાત્રા માટે હારિદ્વાર, ઋષિકેશ કે જોલીગ્રાન્ટ એરપોર્ટ પર પહોંચવા માટે શ્રધ્ધાળૂઓને સરળતા રહેશે. તેઓ સીધા આ શહેરોથી પોતાનું બુકીગ અનુસાર ચારધામ યાત્રા માટે ઉડાન ભરી શકશે. આથી રસ્તા પર ટ્રાફિકનું દબાણ પણ ઓછુ રહેશે. હાલમાં બે ધામ બદરીનાથ અને કેદારનાથ માટે દહેરાદુનનાં સહસ્ત્રધારા હેલિપેડથી હેલિકોપ્ટર ઉડાન ભરે છે. આ સેવાનો લાભ લેવા માટે અન્ય રાજયમાંથી આવનાર શ્રધ્ધાળુઓને હરિદ્વાર, ઋષિકેશ કે જોલીગ્રાન્ટથી પહેલા લગભગ એકથી બે કલાકની સફર કરે તે સહસ્ત્ર ધારા હેલીપેક પર પહોંચવુ પડે છે. આ સમસ્યા નિવારવા યુઝાડાએ નવી હવાઈ સેવા શરૂ કરી દીધી છે.

## અમદાવાદમાં બુલેટ ટ્રેન કામગીરીમાં દુર્ઘટના ક્રેઈન તૂટી પડતા ટ્રેન વ્યવહાર અસરગ્રસ્ત

**કોન્ક્રીટ ગર્ડર લોન્ચ બાદ ગેન્ટ્રી પછી ખેંચતી વખતે દુર્ઘટના**

**બે લોકો ઘાયલ : પ્રચંડ ધડાકો થતા આસપાસના રહેવાસીઓ ભયભીત**

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદના વટવા ખાતે મોડી રાત્રે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના નિર્માણ દરમિયાન ગેન્ટ્રી ધરાશાયી થયો હતો. જેને કારણે અન્ય ટ્રેન વ્યવહારને અસર થઈ છે. દુર્ઘટનાને કારણે ઘણી ટ્રેનો રદ કરવામાં આવી છે, તો કેટલીક ડાયવર્ટ કરાઈ છે.

આ દુર્ઘટનામાં બે લોકોને સામાન્ય ઈજા પહોંચી છે. આ અકસ્માતને પગલે ૧૫ ટ્રેનો આંશિક રદ, ૬ ટ્રેનોને રિશિડ્યુલ અને ૬ ટ્રેનોનો રૂટ બદલવામાં આવ્યો છે. રવિવારની મોડી રાત્રે, અમદાવાદના વટવા નજીક મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના નિર્માણ દરમિયાન સેગમેન્ટલ લોંચિંગ ગેન્ટ્રી લપસીને પડ્યું હતું. આ અકસ્માત રાત્રે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ થયો હતો, જેના કારણે મુંબઈ-અમદાવાદ રેલવે રૂટ પર ટ્રેનોના સંચાલનને અસર થઈ હતી. દુર્ઘટનાને કારણે ઘણી ટ્રેનો રદ કરવામાં આવી છે, ડાયવર્ટ કરવામાં આવી છે અથવા ટૂંકા સમય માટે ટર્મિનેટ કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કોન્ક્રીટ ગર્ડર લોંચ કર્યા પછી ગેન્ટ્રી પાછી ખેંચવામાં આવી રહી હતી ત્યારે તેનું સંતુલન ગુમાવ્યું અને પડી ગયું. આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. આ અકસ્માતમાં બુલેટ ટ્રેનના નિર્માણાધીન વાયડક્ટને કોઈ નુકસાન થયું ન હતું, પરંતુ નજીકના રેલ્વે ટ્રેકને નજીવું નુકસાન થયું હતું, જેના કારણે રેલ્વે કામગીરીને અસર થઈ હતી.

ગેન્ટ્રી તૂટી પડતાં વટવા-અમદાવાદ ડાઉન-લાઈનને અસર થઈ છે, જેના કારણે અપ-લાઈન પરથી કેટલીક ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. રેલવે પ્રશાસને તાત્કાલિક અકસ્માત રાહત ટ્રેનને રવાના કરી અને નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ પોલીસ અને ફાયર વિભાગની

અનુસંધાન પાના ૭ પર

## દિલીપ ઘોષે મહિલાનું ગળું દબાવી દેવાની ધમકી આપી

**પશ્ચિમ બંગાળના ભાજપના પૂર્વ અધ્યક્ષ મહિલા દેખાવકારો પર ભડકયા**

કોલકાતા, તા. ૨૪

પશ્ચિમ બંગાળના ભાજપના પૂર્વ અધ્યક્ષ દિલીપ ઘોષે એક મહિલા પ્રદર્શનકારીનું ગળું દબાવી દેવાની ધમકી આપી છે. તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

આ વીડિયો ખડગપુરનો છે. વીડિયો વાઈરલ થયા બાદ સ્ઝ્રએ તેની ટિકા કરી છે. આ ઘટના શુક્રવારની છે, જ્યારે દિલીપ ઘોષ ખડગપુરમાં એક રસ્તાનું ઉદ્ઘાટન કરવા માટે ગયા હતા. આ દરમિયાન કેટલીક મહિલાઓએ તેનો વિરોધ કર્યો. મહિલાઓએ એક સાંસદ તરીકે વિસ્તારમાં સક્રીય ન હોવાના કારણે વિરોધ કર્યો. તેમણે કહ્યું કે, જ્યારે તેઓ સાંસદ હતા ત્યારે પોતાના ક્ષેત્રમાં ક્યારેય નહોતા આવતા. તેના પર ભાજપ નેતા દિલીપ ઘોષ ભડકી ગયા. મામલો ત્યારે વધુ વણસી ગયો જ્યારે ઘોષે કહ્યું કે, 'હું તમારી ૧૪ પેઢીઓનું પાલન-પોષણ કરી લઈશ. હું તમારું ગળું દબાવી દઈશ.' આટલું જ નહી ઘોષે મહિલા પ્રદર્શનકારીઓને તૃણમૂલના કૂતરા પણ કહ્યા. હવે આ વિવાદ બાદ વિસ્તારમાં તણાવ ફેલાઈ ગયો છે. ત્યારબાદ ખડગપુર ટાઉન પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને દરમિયાનગીરી કરી હતી.

## શિંદેને ગદ્દાર કહેનાર કોમેડિયન કુણાલ કામરાના સ્ટુડીયોમાં તોડફોડ

**ખારની હોટેલમાં જબરી તોડફોડ સાથે કામરાને બહાર નિકળવા સામે ધમકી**



મુંબઈ, તા. ૨૪

ઈન્ડીયા ગોટ લેટન્ટના શોમાં થયેલી ગંદી કોમેન્ટ મુદે દેશભરમાં સર્જાયેલા વિવાદ અને યુટયુબર તથા આ શોના પ્રોડયુસર સમય રૈના માટે પણ ભારત પરત ફરવું

મુશ્કેલ સ્થિતિ સર્જાઈ હોવાની સ્થિતિ વચ્ચે હવે વધુ એક સ્ટેન્ડઅય કોમેડિયન કુણાલ કામરા મુશ્કેલીમાં મુકાયા છે.

તેઓએ પોતાના એક શોમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને ગદાર કહ્યા અને તેનાથી ભડકેલા શિવ સૈનિકોએ આ શોનું જયારે શુટીંગ થયુ હતુ તે મુંબઈની ખાર ખાતેની રીટેલ યુનિકોન્ટીનેટલ ધસી ગયા હતા અને અહી હોટેલમાં વ્યાપક તોડફોડ કરી હતી અને બાદમાં ધમકી આપી હતી કે જો કુણાલ કારમાં જાહેરમાં દેખાશે તો તેનું મોઢુ કાળુ કરી દેવાશે.

તેઓએ સ્ટેન્ડઅય કોમેડીયનને તેના વિધાનો બદલ નાયબ મુખ્યમંત્રી શિંદેની માફી માંગે તેવી પણ માંગણી કરી છે. પોલીસે આ બારામાં શિવસેના શિંદેજૂથના મહામંત્રી રાહુલ કનાલ અને ૧૯ સામે ફરિયાદ નોંધાવી છે તો શિવસેના (શિંદે) જૂથના નેતા ગુરુજી પટેલે પણ કુણાલ કામરા સામે નાયબ મુખ્યમંત્રી સામે અશોભનીય ટીપ્પણીની ફરિયાદ કરી છે.

અનુસંધાન પાના ૭ પર

## કેનેડામાં સામાન્ય ચૂંટણીમાં તા. ૨૮મી એપ્રિલે મતદાન

**ટ્રમ્પનો સામનો કરવા માટે મજબૂત જનાદેશની જરૂર છે : કાર્ને**

નવી દિલ્હી, તા. ૨૪

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ ૨૮ એપ્રિલે દેશમાં સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરી. તેમણે રવિવારે કહ્યું કે તેઓ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વ્યવહાર કરવા માટે મજબૂત જનાદેશ ઈચ્છે છે. કેનેડિયન પીએમએ કહ્યું - અમેરિકા સાથે ટેરિફ યુદ્ધ આપણા માટે સૌથી મોટા ખતરામાંથી એક છે. તેઓ આપણને તોડવા માગે છે જેથી અમેરિકા આપણું માલિક બને, અમે આવું નહીં થવા દઈએ.

કાર્નેએ કહ્યું કે કેનેડાને વધુ સુરક્ષિત બનાવવા માટે હજુ ઘણું કામ કરવાનું બાકી છે. તેમણે ટેરિફ યુદ્ધથી પ્રભાવિત ખેડૂતો અને વ્યવસાયોને મદદ કરવાની યોજનાઓ વિશે પણ નિવેદન આપ્યું. માર્ક કાર્નેએ માત્ર ૧૦ દિવસ પહેલા જ કેનેડાના વડા પ્રધાન તરીકે શપથ લીધા હતા. તેમણે ૯ ફેબ્રુઆરીના રોજ લિબરલ પાર્ટીના નેતા માટે ચૂંટણી જીતી. કાર્નેને ૮૫.૯% મત મળ્યા.

ટ્રમ્પના ટેરિફનો સામનો કરવા માટે પગલાં લેવાની જરૂર છે કાર્નેએ કહ્યું કે પીએમ તરીકે શપથ લીધા પછી, તેમણે ઓસ્ટ્રેલિયા સાથે એક નવા રાષ્ટ્રીય સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા, ફ્રાન્સ અને બ્રિટન સાથે સંબંધોને મજબૂત બનાવવા માટે કામ કર્યું અને યુરોપિયન

અનુસંધાન પાના ૭ પર

## જળવાયુ પરિવર્તનની અસરથી ભારતમાં તાપમાનમાં વધારો

**ચાલુ વર્ષે ભારતમાં હીટવેવનાં દિવસો વધુ રહેવાની ચેતવણી**





નવી દિલ્હી, તા. ૨૪

ભારતમાં જલવાયુ પરિવર્તનની અસર હેઠળ ગરમીમાં અત્યાધિક વધારો થઈ રહ્યો છે. હીટવેવ-લુ ફુંકાવાના દિવસોની સંખ્યા પણ વધી રહી છે. ચાલુ વર્ષે પણ હીટવેવનાં દિવસો વધુ રહેવાની આગાહી કરવામાં આવી છે. સસ્ટેનેબલ ફયુચર કોલેબરેટીગ નામક સંસ્થાના રીપોર્ટમાં એમ કહેવાયુ છે કે, ભારતમાં ૧૧ ટકા વસતી એવા શહેરોમાં વસે છે જયાં હીટવેવનો ખતરો વધુ છે. ભારત સહીત વિશ્વનાં અનેક વૈજ્ઞાનિકોએ મૃત્યુદર પર હીટવેવનો પ્રભાવ વિષય પર સંશોધન કર્યુ હતું.

જેમાં દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, હૈદરાબાદ, બેંગ્લોર, અમદાવાદ, પુના, વારાણસી, સિમલા, તથા કોલકતા જેવા ૧૦ શહેરોને સંસોધનમાં સામેલ કરવામાં આવ્યા હતા. જેમાં એવૂ તારણ નિકળ્યુ હતું કે હીટવેવનાં દિવસોમાં મૃત્યુદરમાં ૧૨.૨ ટકાનો વધારો થાય છે.

સળંગ બે દિવસ હીટવેવ રહે તો તેમાં ૧૪.૭ ટકા તથા ત્રણ દિવસ રહે તો મૃત્યુદરમાં ૧૭.૮ ટકા સુધીનો વધારો થાય છે. સળંગ પાંચ દિવસ હીટવેવ રહેવાના સંજોગોમાં મૃત્યુદર ૩૩.૩ ટકા સુધી વધવાનું જોખમ છે.

રીપોર્ટમાં એમ કહેવાયું છે કે, જલવાયુ પરિવર્તનની અસરથી

અનુસંધાન પાના ૭ પર




# પીપીપીના સુરત કાર્યલયને ખુલ્લુ મુકતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ બાપુ

## ગુજરાતમાં શૂન્યાવકાશ સર્જાયું છે તેને દૂર કરવા આવ્યો છું : શંકરસિંહ વાઘેલા

સુરત, તા.૨૪

ગુજરાતના રાજકારણમાં નવી ઈનિંગ માટે સતત પ્રવાસ ખેડી રહેલા ગુજરાતની ટનાટન સરકારના પૂર્વ મુખ્યપ્રધાન શંકરસિંહજી વાઘેલાએ મોટા વરાછામાં જાહેરસભાને સંબોધતા જણાવ્યું કે સુરતના પાટીદારોની ખુમારીને ઠેસ પહોંચાડવામાં આવી રહી છે. તેમની ખુમારીને પાછો લાવવા ફરીથી સક્રિય થયો છું.

વહેલી સવારે ગાંધીનગરથી સુરત આવવા નિકળેલા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ યોગી ચોક ખાતે પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના સુરત કાર્યાલયનું ઉદઘાટન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા. ઢળતી બપોરે વરાછાસ્થિત મીની બજાર ખાતે સુરતની ચમકને ચાર ચાંદ લગાવી રહેલા સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને બાપુએ રોડ શો યોજ્યો હતો જેમાં હજારોની સંખ્યામાં સૌરાષ્ટ્રવાસી અને સુરતીઓ જોડાયા હતા. વરાછાથી મોટા વરાછા સુધી રોડ શો ને કારણે ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો જેને પહોંચી વળવા પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ત્યારબાદ મોટાવરાછા ખાતે દુખિયાના દરબાર રોડ પર આવેલા વૃંદાવન ફાર્મમાં જાહેરસભા યોજી હતી. જેમાં મોટી સંખ્યામાં સજજનો ઉપસ્થિત રહ્યાં હતા. અહીં સુરતના નવા પ્રમુખ તરીકે કિશોરભાઈ વિરડીયાની ઘોષણા કરવામાં આવી હતી. ભુતકાળમાં એક રાજકીય પાર્ટી સાથે જોડાયેલા લો-પ્રોફાઈલ વ્યક્તિત્વ ધરાવતા નવનિયુક્ત પ્રમુખે સુરતમાં સંગઠનને મજબુત બનાવવા તેમજ સરકારની બેધારી નીતિને ખુલ્લી પાડવા આહ્વાન કર્યું હતું. ખિચોખીચ પબ્લિકથી ભરેલી જાહેરસભામાં શંકરસિંહ બાપુએ જણાવ્યુ હતું કે, ગુજરાતમાં શુન્યાવકાશ સર્જાયો છે એને દૂર કરવા હું બહાર નિકળ્યો છું. આ સિવાય કોઈ હોદ્દાની લાલચ નથી મને. લગભગ દરેક હોદ્દા ભોગવી ચુક્યો છું પરંતુ પ્રજાની પીડા જોઈને આ ઉંમરે પણ બહાર નિકળવાની ફરજ પડી છે. ગુજરાતમાં અપરિપક્વ લોકોથી સરકાર ચાલી રહી છે જેમને વહીવટી તંત્ર ચલાવવાની સૂજબૂઝ નથી તેમ છતાં સત્તામાં બેઠાં છે. ૩૦ વર્ષથી સત્તામાં બેઠાં હોવાથી અહંકાર છવાયો છે. ભ્રષ્ટાચાર વધ્યો છે અને તેમને પ્રજા કે જનતાનો ડર નથી એટલે બેફામ બન્યા છે. આવાને સત્તામાંથી ઉખેડી ફેંકવા માટે ભાલાના નિશાન સાથે બહાર આવ્યો છું અને જેના હાથમાં ભાલો છે એ ગુજરાતના નવયુવાને ૯૪ નંબરની ટી-શર્ટ પહેરી છે. એનો અર્થ એ થાય છેકે, ૯૪ ધારાસભ્યો સાથે આપણે ગુજરાતમાં સરકાર બનાવવી છે. અને ગુજરાતની જનતાને પીડામાંથી મુક્ત કરાવવાની છે.

# એનટીપીસીના ૩૪મા કવાસ દિન નિમિત્તે ભવ્ય કાર્યક્રમ યોજાયો

## કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતા પ્રોજેક્ટ હેડ સુરેશ જોન ડેવીડ

સુરત, તા.૨૪

NTPC કાવાસ દ્વારા ૨૨ માર્ચ ૨૦૨૫ ના રોજ તેના ૩૪મા કાવાસ દિવસ નિમિત્તે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાવસ દિવસ કાર્યક્રમનું ઉદ્ઘાટન પ્રોજેક્ટ હેડ શ્રી સુરેશ જોન ડેવિડે NTPC ધ્વજ ફરકાવીને કર્યું હતું. ત્યારબાદ, તેમણે કાવાસ અને વેન્ડર પેમેન્ટ્સ ગ્રુપ (VPG) ના તમામ અધિકારીઓ, કર્મચારીઓ, યુનિયન પ્રતિનિધિઓ અને તેમના પરિવારો અને CISF કર્મચારીઓનું સ્વાગત કર્યું અને કાવાસ ગેસ પાવર સ્ટેશનની ઐતિહાસિક યાત્રાને ગર્વથી યાદ કરી.

પ્રોજેક્ટ હેડે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે NTPC કાવાસે માત્ર વીજ ઉત્પાદનમાં જ નહીં પરંતુ સમુદાય વિકાસમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે માહિતી આપી કે આ પ્રોજેક્ટ દ્વારા ૧૯૯૨ માં વીજ ઉત્પાદન શરૂ થયું હતું અને ત્યારથી, સ્ટેશને ઊર્જા ઉત્પાદન અને તકનીકી શ્રેષ્ઠતાના ક્ષેત્રમાં ઘણા મહત્વપૂર્ણ સીમાચિહ્નો હાંસલ કર્યા છે. તેમણે કહ્યું કે તાજેતરમાં ૧૨ માર્ચના રોજ, દક્ષિણ ગુજરાતમાં બ્લેકઆઉટ દરમિયાન વીજળી પૂરી પાડીને પ્રોજેક્ટ દ્વારા ગ્રીડને સ્થિર કરવામાં NTPC કાવાસે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ માટે, GETCO NTPC કાવાસને પ્રશંસા પ્રમાણપત્ર પણ એનાયત કર્યું છે. સામાજિક કલ્યાણ અને સમુદાય વિકાસ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરાવર્તિત કરતા, પ્રોજેક્ટ વડાએ માહિતી આપી કે તાજેતરમાં KWAS એ પિંજરત સરકારી પ્રાથમિક શાળામાં એક અત્યાધુનિક STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) પ્રયોગશાળાની સ્થાપના કરી છે, જે ક્લસ્ટરની ૧૩ શાળાઓના લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં આધુનિક શિક્ષણ પૂરું પાડે છે.



# સુરતની ૧૦૮ ડાયમંડ કંપનીઓએ યોજેલો મેગા બ્લડ ડોનેશન કેમ્પ

## સેવા, દાન અને દિલાવરીમાં સુરતવાસીઓ હંમેશા અગ્રેસર હોય છે : પોલીસ કશિનર અનુપમસિંહ ગેહલોત

સુરત, તા.૨૪

માં ભોમને રક્ષા કાજે અંગ્રેજો સામે બાથ ભીડનાર તેમજ અમૂલ્ય પ્રાણોની આહૂતિ આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓ શહીદ ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવની પુણ્યતિથિ તા.૨૩મી માર્ચની અશ્રુભીની ઉજવણી પૂર્વે આજે સુરતની ૧૦૮ ડાયમંડ કંપનીઓએ યોજેલા મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૪૩૫ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. જેમાં રત્નકલાકારો, પોલીસ, આર્મી જવાનોએ રક્તદાન કરીને અનોખી રક્તાંજલિ અર્પી હતી. રક્તદાતાઓને બિરદાવવા પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌત વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સ્મીમેર હોસ્પિટલમાં રક્તની માંગને પહોંચી વળવા સુરતના ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલી નીલમાધવ ઈમ્પેક્ષ, રોયલ ઈમ્પેક્ષ અને સહયોગ ડાયમંડ સહિત ૧૦૮ ડાયમંડ કંપનીઓ સાથે લિટલ સ્ટાર હોસ્પિટલના સંયુક્ત પ્રયાસથી વરાછા વિસ્તારની માતાવાડી સ્થિત રોયલ ઈમ્પેક્ષ અને સહયોગ ડાયમંડ ખાતે સવારથી જ રત્નલાકારોએ રક્ત આપવા માટે લાઈનો લગાવી હતી. મેગા રક્તદાન કેમ્પમાં ધનલક્ષ્મી ડાયમંડ, શેખડા એક્સપોર્ટ, ગોરસીયા બ્રધર્સ, એચ.એચ.ડી.જેમ્સ, એ.એસ.કુમાર જેમ્સ, ડી.પી.ઈન્સ્યોરન્સ સહિત વિવિધ ડાયમંડ કંપનીઓના રત્નકલાકારોએ દેશના વીરોની સ્મૃત્તિમાં રક્તદાન કર્યું હતું.

દેશભક્તિના સંગીતમય માહોલ વચ્ચે રત્નકલાકારો સહિત સેવાભાવી વ્યક્તિઓ ઉમળકાભેર રક્તદાન માટે આવ્યા હતા. સ્મીમેર હોસ્પિટલ બ્લડ બેંકના હેડ શ્રીમતી અંકિતા શાહના માર્ગદર્શનમાં ૪૦૧ યુનિટ રક્ત મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિટલને અર્પણ કરાયું હતું. જ્યારે લોક સમર્પણ બ્લડ બેંકમાં ૩૭૬ યુનિટ અને કિરણ

અનુસંધાન પાના ૭ પર

# વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે ટીબી મુક્ત ભારત અભિયાન

## નર્મદા જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા જનજાગૃતિ રેલી યોજાઈ

સુરત, તા.૨૪

૨૪મી માર્ચ એટલે વિશ્વ ક્ષય દિવસ (Wrold TB Day). આપણે જાણીએ છીએ કે જર્મન વૈજ્ઞાનીક ડો.રોબર્ટ કોચ ધ્વારા દુનિયાને ટીબી માટે જવાબદાર બેકટેરીયાની ઓળખ ૨૪મી માર્ચ ૧૮૮૨ ના રોજ કરાવી હતી. એટલા માટે દર વર્ષે "૨૪મી માર્ચ વિશ્વ ક્ષય દિવસ"તરીકે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ - ૨૦૨૫ માં "ટીબી મુક્ત ભારત"ના આહવાનને પરિપુર્ણ કરવા માટે નર્મદા જીલ્લામાં આજે તા. ૨૪/૦૩/૨૦૨૫ને સોમવારના રોજ નાંદોદના ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીમસીગભાઈ તડવી, આરોગ્ય સમિતીના ચેરમેન સુશ્રી રશ્મિકાબેન વસાવા, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી ધર્મિષ્ઠાબેન પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી નાંદોદની ઉપસ્થિતીમાં વિશ્વ ક્ષય દિવસની ઉજવણીના ભાગરૂપે 'ટીબી મુક્ત ભારત , જન આંદોલન" જન જાગૃતિ રેલીનું જૂની સિવિલ હોસ્પિટલ ખાતેથી આયોજન કરવામાં કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે વર્ષ - ૨૦૨૪ માં નર્મદા જિલ્લામાં કુલ ૧૪૫૫ ટીબી દર્દીઓ નોધાયેલ છે. નિક્ષય પોષણ યોજના અંતગૅત કુલ ૧૨૭૩ ટીબીના દર્દીઓને ડીબીટી (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાંસફર )ના માધ્યમથી દર્દીઓના ખાતામાં નાણાંકીય સહાય ચુકવવામાં આવી છે. નર્મદા જિલ્લામાં ટીબી રોગમાંથી સાજા થવાનો દર ૯૨%

અનુસંધાન પાના ૭ પર



# સુરતી મોઢ વણીક યુવક મંડળ દ્વારા કફન વિતરણ કાર્યક્રમ

## અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા માનવ સેવા કાર્ય

સુરત, તા.૨૪

સૂ મો વ અડાજણ રાંદેર રોડ યુવક મંડળની અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પૈકીની નિયમિત કફન વિતરણ સેવા કાર્ય ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરત ના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે સદ. જીગર બંસીભાઈ ગાંધીના સ્મરણાર્થે યોજાયો. જેમાં શ્રી બંસીભાઈ ગાંધી ઉપસ્થિત રહ્યા તેમની સાથે યુવક મંડળના પ્રમુખ શ્રી અજયભાઈ મોદી, વસંત ગોળવાળા,હરીશ પીપવાળા, મનોજ ગાંધી, પરેશ ભાટિયા, ચંદ્રેશ પાનવાલા,યોગેશ ઢબુવાલા, જીતુ કટલેરીવાળા, આશિષ મોદી, જયવદન ઘીવાળા, મુકેશ કટલરીવાલા એ સેવામાં ભાગ લીધો. ન્યુ સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો. મંડલ અને ડો. રુચિત એ કફનનો જથ્થો સ્વીકારી યુવક મંડળની આ નિયમિત સેવાને બિરદાવી હતી. વસંત ગોળવાળાએ આ માનવીય સેવાનો અભિગમ સાથે અત્યાર સુધીમાં ૪૦૦૦ મીટર કાપડ કફન પેટે વિતરણ થયાનું જણાવી દાતાશ્રી અને સિવિલ હોસ્પિટલ તથા યુવક મંડળનો યુવક ના હોદ્દેદારો, કારો. સભ્યો નો આભાર વ્યક્ત કર્યો હતો.




# ગ્રીન પેન્થર એનજીઓ દ્વારા વિશ્વ જળ દિવસની ઉજવણી

## પાણી બચાવવા માટે જન જાગૃતિ અભિયાન

સુરત, તા.૨૪

પર્યાવરણ સંરક્ષણ માટે કાર્યરત ગ્રીન પેન્થર એનજીઓ દ્વારા આજે સરદાર મ્યુઝિયમ, બારડોલી ખાતે "પાણી બચાવો જાગૃતિ અભિયાન" યોજવામાં આવ્યું। આ અભિયાન અંતર્ગત એનજીઓના ૨૦ થી વધુ સભ્યો "પાણી બચાવો" સંદેશા લખેલા બેનરો સાથે જાગૃતિ ફેલાવી હતી।

ગ્રીન પેન્થર એનજીઓ પર્યાવરણને બચાવવા માટે કાર્યરત છે અને તેના તમામ સભ્યો ૧૬ વર્ષથી નીચેએ છો આજના જાગૃતિ અભિયાન દરમિયાન અનેક લોકો થંભી ગયા અને "પાણી બચાવો" સંદેશ સાથે જોડાયા।

એનજીઓના સભ્યોનું માનવું છે કે પાણીના સંકટને અટકાવવા માટે દરેક વ્યક્તિએ જાગૃત થવું જરૂરી છો ગ્રીન પેન્થર એનજીઓ ભવિષ્યમાં પણ આવા જાગૃતિ અભિયાન ચાલુ રાખશે।

# નગર પ્રાથમિક શાળા સમિતિની ૩૫૦ શાળાઓનો રમત ઉત્સવ

## મહારાણા પ્રતાપ પ્રા.શાળા ક્રમાંક ૨૭૨, નાના વરાછા રનર્સઅપ

સુરત, તા.૨૪

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત દ્વારા દર વર્ષે રમતોત્સવમાં આયોજન કરવામાં આવે છે, જેમાં સમિતિ સંચાલિત ૩૫૦થી વધારે શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લે છે. આ વર્ષે યોજાયેલા રમતોત્સવમાં PMSHRI મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ક્રમાંક ૨૭૨, નાના વરાછાના બાળ રમતવીરો અને શિક્ષકોએ જુદી જુદી સ્પર્ધાઓમાં ખૂબ ઉત્સાહથી ભાગ લઈને વિશેષ સિદ્ધિઓ હાંસલ કરી હતી. જેમાં હોકી ટીમ - પ્રથમ ક્રમાંક, બાસ્કેટબોલ ટીમ- પ્રથમ ક્રમાંક, રસ્સાખેંચ શિક્ષક ટીમ - પ્રથમ ક્રમાંક, વોલીબોલ શિક્ષક ટીમ - પ્રથમ ક્રમાંક, લંગડી દોડ U 9- પ્રથમ ક્રમાંક, ૧૦૦ મી દોડ U 11- પ્રથમ ક્રમાંક, ૧૦૦ટ ૪ રીલે U 11- પ્રથમ ક્રમાંક, ગોળા ફેંક શિક્ષક - પ્રથમ ક્રમાંક, ૫૦મી દિવ્યાંગ દોડ - દ્વિતીય ક્રમાંક, લંગડી ફાડ કૂદ - દ્વિતીય ક્રમાંક, યોગા U 11- દ્વિતીય ક્રમાંક, જૂડો U 17- દ્વિતીય ક્રમાંક, ટેબલ ટેનિસ - તૃતીય ક્રમાંક, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ દિવ્યાંગ - તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. શાળાના બંને

અનુસંધાન પાના ૭ પર




# બાલ હનુમાન મંદિર દ્વારા યોજાયેલો રક્તદાન શિબિર

## રક્તદાન કેમ્પમાં મીઠીખાડી પદ્મશાલી સમાજનું યોગદાન

સુરત, તા.૨૪

બાલ હનુમાન મંદિર ટ્રસ્ટ અને મીઠીખાડી પદ્મશાલી સમાજ દ્વારા સિવિલ હોસ્પિટલ અને ગવર્મેન્ટ મેડિકલ કોલેજ, સુરતના સહયોગથી આયોજિત રક્તદાન શિબિર ખૂબ જ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયું. શિબિરમાં વિશાળ સંખ્યામાં રક્તદાતાઓએ ભાગ લીધો, અને કુલ ૧૩૧ યુનિટ રક્ત એકત્ર થયું, જે જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશાજ્યોત સમાન સાબિત થશે. ખાસ કરીને, આ શિબિર દરમિયાન ૫-૬ મહિલાઓએ પણ રક્તદાન કર્યું, જે સામાન્ય રીતે દુર્લભ દ્રશ્ય હોય છે. સમાજના અગ્રણીઓ પણ આ શિબિરમાં હાજર રહ્યા, અને તેમની ઉપસ્થિતિએ તમામ દાતાઓ અને આયોજકોમાં ઉત્સાહ વધાર્યો. તેમની પ્રેરણાથી ભવિષ્યમાં પણ આવા સેવાયજ્ઞો માટે વધુ લોકોને પ્રેરણા મળશે.

આ શિબિરનું વિશેષ આકર્ષણ CPR તાલીમ હતું, જ્યાં તબીબી નિષ્ણાતોએ તાત્કાલિક આકસ્મિક પરિસ્થિતિઓમાં જીવન બચાવવાના મહત્વપૂર્ણ પદ્ધતિઓ શીખવી. આ તાલીમ લોકજાગૃતિ માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ.

# શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ દરેક વોર્ડ પ્રમુખોના ઘરે પહોંચ્યા

## નવ નિયુક્ત પ્રમુખની ઘરે-ઘરે શુભેચ્છા મુલાકાત

સુરત, તા.૨૪

શહેર અધ્યક્ષ તરીકે ચાર્જ સંભાળતા ની સાથે પંડિત દીન દયાલ ભવન ભાજપ કાર્યાલય ખાતે સહુ પદાધિકારીશ્રીઓ તથા શહેરના નગરજનો આદરણીય અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ સાથે શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા ત્યારબાદ આ ઘટનાક્રમને આગળ ધપાવતા શહેર અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ દ્વારા તારીખ ૨૧ માર્ચના રોજ શહેરના નવ વોર્ડ જેવા કે વોર્ડ નંબર ૨૩, ૨૪, ૨૮, ૨૯, ૩૦ તથા બપોર બાદ વોર્ડ નંબર ૧૮, ૧૯, ૨૫, તથા ૨૬ ના વોર્ડ પ્રમુખો સાથે તેમના ઘરે જઈ તેમના પરિવારના સદસ્યશ્રીઓ તથા નગરસેવક શ્રીઓ તેમજ વોર્ડના સહુ પદાધિકારી શ્રીઓ સાથે બેસી ચાય પે ચર્ચા તથા વિચાર ગોષ્ટિનું આયોજન કરવામાં આવ્યું હતુ આજ કડીમાં આગળ વધતા તારીખ ૨૨ માર્ચના રોજ શહેરના ૭ વોર્ડ જેવા કે વોર્ડ નંબર ૬,

અનુસંધાન પાના ૭ પર



# ગભેણીમાં સરકારી જમીન પરનું ગેરકાયદે ઝીંગા તળાવ તોડી પડાયું

## ઉધના મામલતદારે ૫૫,૦૦૦ ચો.મી. જમીન પરના દબાણો દૂર કર્યા

સુરત, તા.૨૪

સુરત જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ સુરત શહેર ઉધનાના મામલતદાર શ્રી એ. આર. નાયક તથા તેમની ટીમ દ્વારા ગત તા:૨૧મી માર્ચના રોજ ગભેલી ગામમાં મેગા ડિમોલીશન હાથ ધરી સરકારી જમીન ઉપરના ગેરકાયદેસર ઝીંગા તળાવોના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. સુરત શહેર દક્ષિણ (મજુરી) પ્રાંતશ્રી વિ.જે. ભંડારીના નેજા હેઠળ શહેરના ઉધનાના વિસ્તારની ગભેણી ગામની સરકારી પડતર જમીન ઉપર બનાવવામાં ગેરકાયદેસર ઝીગા તળાવો દૂર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર ડિમોલીશન ઉધના મામલતદારશ્રી એ. આર. નાયક

અનુસંધાન પાના ૭ પર



# ગ્લોબલ રિઝર્વ કરન્સી તરીકે ડોલરનું પ્રભુત્વ યથાવત્? રહેશેઃ હવે મૂડી વિનાનો મૂડીવાદ ઉદય પામી રહ્યો છે

નેશનલ સ્ટોક એક્સચેન્જના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર આશિષકુમાર ચૌહાણે તાજેતરમાં સિંગાપોરમાં એક પેનલ ડિસ્કશનમાં વૈશ્વિક બજારોમાં સત્તાનાં સમીકરણોમાં થઈ રહેલા ફેરફાર, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની બદલાતી ભૂમિકા અને ટેકનોલોજીને પગલે બદલાઈ રહેલા મૂડીવાદના સ્વરૂપ વિશે રજૂ કરેલાં નિરીક્ષણોનો સારાંશ અહીં પ્રસ્તુત છે.તીવ્ર વધઘટ (વોલેટિલિટી)એ આર્થિક જીવનનો આંતરિક હિસ્સો છે. જીવન પોતે વોલેટાઈલ છે. જેમ હૃદયમાંથી ધબકાર ગાયબ થઈ જાય તો જીવન ન ટકે, એમ વોલેટિલિટી વિના બજાર બંધિયાર થઈ જાય. વોલેટેલિટી એ સમસ્યા નથી. ખરી સમસ્યા તો વોલેટિલિટીને અંકુશમાં રાખવાની છે.બજારની અપેક્ષાઓ અને પાયાના આર્થિક નિર્દેશાંકો વચ્ચે મોટું અંતર હોય ત્યારે બજારમાં મોટી ઊથલપાથલ થાય છે. જ્યારે પણ બજારની અપેક્ષાઓ વાસ્તવિકતાથી અધિક હોય ત્યારે બજારમાં ઝડપી ઘટાડો આવે છે. વ્યક્તિઓ, વર્ગો અને રાષ્ટ્રો વચ્ચેનો સંવાદ બજારનું ચાલકબળ છે.પરંપરાગત આર્થિ નિર્દેશાંકો કરતાં હવે ભૂરાજકીય પરિવર્તનોની બજારો પર વધુ અસર થાય છે. ભૌગોલિક રાજકારણ હવે અર્થકારણનો ભોગ લે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ, વિશ્વ આરોગ્ય સંસ્થા, વિશ્વ વેપાર સંસ્થા જેવી મહત્ત્વની વૈશ્વિક સંસ્થાઓની પડતી થઈ રહી હોવાથી દુનિયા ઝડપથી નિયમબદ્ધ પ્રણાલીઓથી દૂર જઈ રહી છે અને વ્યવહારુ વ્યવસ્થા ભણી જઈ રહી છે.એક સમયે વિશ્વના આર્થિક સંચાલનનું કેન્દ્ર હતું, તે યુનાઈટેડ સ્ટેટ્સ-અમેરિકા અત્યારે આઈડેન્ટિટીની ક્રાઈસિસમાંથી પસાર થઈ રહ્યું છે. દસકાઓ સુધી વૈશ્વિક સંસ્થાઓને પીઠબળ પૂરું પાડ્યા બાદ વોશિંગ્ટન અત્યારે પાછળ હટી રહ્યું છે અને ચીન તથા ભારત જેવી ઊભરતી સત્તાઓને અવકાશ ભરવા માટેની ફરજ પાડી રહ્યું છે. જોકે સત્તાનું આ સંક્રમણ અવરોધહીન કે ધારણા પ્રમાણેનું નહિ હોય.સંપત્તિ સર્જન માટે મોટી જ મૂડી જરૂરી નથી



આજે આપણે જોઈ રહ્યા છીએ કે મૂડી વગરના મૂડીવાદનો ઉદય થઈ રહ્યો છે. આર્થિક વિકાસ માટે વિરાટ પાયે મૂડીરોકાણ કરવાની આવશ્યકતા છે એવો પરંપરાગત મત છે. કાર્લ માર્ક્સે તેની વિખ્યાત થિયરીમાં કહ્યું છે કે મૂડી દ્વારા અધિક મૂડીનું સર્જન થાય છે. જોકે ટેકનોલોજીએ આ મોડેલનું ખંડન કર્યું છે.આજે સંપત્તિ સર્જન માટે તમારી પાસે બહુ બધી મૂડી હોવી જરૂરી નથી. અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બ્લોકચેઈન અને ડિજિટલ પ્લેટફોર્મ્સે આખી રમત જ એવી ફેરવી નાખી છે કે ઓછી મૂડીએ વેપાર ઝડપથી વધારી શકાય છે. આની સાબિતી એ છે કે ભારતમાં સ્ટાર્ટઅપ્સનું ચિત્ર બદલાઈ રહ્યું છે. છેલ્લા એક વર્ષમાં એનએસઈ (નેશનલ સ્ટોક એક્સચેંજ) પર ૨૦૦થી અધિક માઈક્રો-આઈપીઓ લિસ્ટ થયા છે.શૅરબજારમાં લાંબાગાળાના રોકાણનું અધિક પ્રમાણભારતના શેરબજારમાં શોર્ટ-ટર્મ ટ્રેડર્સનું અધિક પ્રમાણ છે એવી જે માન્યતા વિશ્વમાં પ્રવર્તે છે એનું હું ખંડન કરું છું. ૧૧ કરોડ બજાર સહભાગીઓમાંથી આશરે બે ટકા ડેરિવેટિવ્ઝના ટ્રેડિંગમાં સક્રિય છે. મોટા ભાગના રોકાણકારો લોંગ ટર્મ ઈન્વેસ્ટર્સ છે.ડિજિટલ ભૂમિમાં સાયબર યુદ્ધનાણાકીય બજારોના વધી રહેલા ડિજિટલાઈઝેશનને પગલે અભૂતપૂર્વ સાઈબર ધમકીઓનો સામનો કરવો પડી રહ્યો છે. એનએસઈ પ્રતિદિન ૪થી ૧૦ કરોડ સાઈબર હુમલાઓનો સામનો કરે છે. નિયામકો અને સંસ્થાઓએ અતિ સાવધ રહેવું પડશે. ડીપફેક ટેક્નોલોજી આવી એ પછી તો આ પડકારો વધી ગયા છે. આવી ખોટી માહિતીનો પ્રસાર નાણાકીય અંખડિતતા સામેનો મોટો ભય છે. હું સ્ટોક્સની ભલામણ કરતો હોઉં એવા બનાવટી વિડિયો પણ ફરતા થયા છે.ડૉલરનું ભાવિ શું હોઈ શકે?અમેરિકી ડોલર વૈશ્વિક ચલણ તરીકેનું તેનું પ્રભુત્વ જાળવી રાખશે, કારણ કે તેનો અત્યારે કોઈ વિકલ્પ નથી. બીજા વિશ્વ યુદ્ધ બાદ અમેરિકાએ બ્રિટિશ પાઉન્ડના ગ્લોબલ રિઝર્વ કરન્સી તરીકેના સ્થાનને સાવચેતીપૂર્વક લઈ લીધું હતું. આજે કોઈ અન્ય દેશ એ ભૂમિકા ભજવવા તૈયાર નથી. આર્થિક તાકાત હોવા છતાં ચીન ગ્લોબલ રિઝર્વ કરન્સીનું સ્થાન લઈ શકે એમ નથી કારણ કે તેનામાં આર્થિક ખુલ્લાપણાનો અભાવ છે.

## ભજનનો પ્રસાદઃ નિષ્કુળાનંદ સ્વામીઃ વૈરાગ્યભાવ ને ભક્તિતત્ત્વના તર્કબદ્ધ સર્જક



મધ્યકાલીન ગુજરાતી આખ્યાન પરંપરામાં તત્ત્વદર્શનમૂલક વિષયસામગ્રીના દયારામના અજામિલ આખ્યાન'ને અને નિષ્કુળાનંદનાધીરજાખ્યાન'ની મુલવણી તથા એ રચનાઓ આખ્યાન પરંપરાને કેવી રીતે સમૃદ્ધ કરે છે એની ચર્ચા થઈ નથી. મને આ બન્ને આખ્યાનો ભારતીય પરંપરાના તત્ત્વનિષ્ઠ ચરિત્રોની વ્યક્તિમતાને વણી લેતા હોઈને ભારે મહત્ત્વના જણાયા છે.

૬૪ કડવા અને ૧૭ પદોમાં જેમણે ધૈર્ય ધારણ કરીને જીવન પસાર કર્યું એવા ભક્તોના ચરિત્રોને અનુસંગે ભક્તિમાર્ગમાં આવતા વિઘ્નો વચ્ચે ધૈર્ય ધારણ કરીને કૃતાર્થ પદને પામેલા ચરિત્રોની વિગતો અહીં કેન્દ્રમાં છે. સંસારમાં, ઈશ્વરભક્તિમાં રત રહે-રહે પણ કષ્ટ, દુઃખ અને સંઘર્ષનો સામનો પ્રામાણિક મનથી સંનિષ્ઠ વ્યક્તિને ભાગે આવે તો એને પ્રભુપ્રસાદ ગણીને સ્વીકારીને સહ્ય ગણવાનો બોધ અહીં કથેલ છે.

મુશ્કેલીઓ-વિઘ્નોનો સામનો કરીને અડગ રહીને ઈશ્વર પર શ્રદ્ધા અતુટ રાખીને પરિસ્થિતિને પૂરી ધીરજથી સહન કરવાનો તાત્ત્વિક અર્થ પ્રસ્તુત કરે છે. આ માટે પ્રાચીન દૃષ્ટાંતો પ્રહ્લાદ, ધ્રુવ, હરિશ્ચંદ્ર, મયૂરધ્વજ, શિબિરાજા, ઉપમન્યુ જેવા અનેક દૃષ્ટાંતો દ્વારા ભક્તની અડગ મનસ્થિતિને ધારણ કરવાનો સંદેશ નિષ્કુળાનંદ રસપ્રદ રીતે આપે છે. 'અખેગીતા'માં જેમ વચ્ચે પદ છે એમ અહીં પણ ભાવબોધાત્મક સંવેદનશીલ ભાવવિશ્વને પદના માધ્યમથી ગાયું છે.

હરિભક્તોને સહનશીલ, ધૈર્યવાન અને સમતાવાન બનવાના તત્ત્વદર્શનાત્મક ભક્તવ્યક્તિમત્તા ધારણ કરવાનો સંદેશ આપતી આ સાહિત્યકૃતિ ભારતીય તત્ત્વદર્શનના શાશ્વત ઘટકને કથે છે. એમનું તત્ત્વદર્શનાત્મક વિશ્લેષણ આવા કારણે સંપ્રદાયની સીમામાં બદ્ધ રહેતું નથી પણ વ્યાપકપણે મધ્યકાલીન જ્ઞાનમાર્ગી-તત્ત્વદર્શી કવિતાનું દૃષ્ટાંત બની રહે છે. ઈ.સ. ૧૮૪૩માં જ્ઞાનવૃદ્ધ ઋષિની આ વાણી મારી દૃષ્ટિએ આવા કારણે કાળજયી રૂપ ધારણ કરે છે.વૃત્તિવિવાહ' તત્ત્વદર્શી કવિ નિષ્કુળાનંદની રૂપકાશ્રિત અને દૃષ્ટાંતાશ્રિત જ્ઞાનમાર્ગી કવિ તરીકેની પુરી મુલવણી સાહિત્યના આપણાં ઈતિહાસમાં થઈ નથી. એમનું એક ભારતીય રૂપક પરંપરાના તેજસ્વી અનુસંધાનરૂપવૃત્તિવિવાહ' નામનું પદમાળા-શૃંખલા પ્રકારનું કાવ્ય મને મધ્યકાલીન ગુજરાતી પરંપરામાં વિશેષ રૂપે મહત્ત્વનું જણાયું છે. વિવાહ, વેલી, વેલ, સ્વયંવર, મંગળ અને વિવાહલુ જેવા મધ્યકાલીન ગુજરાતી કાવ્યપ્રકારો અનેક જૈન અને જૈનેત્તર કવિઓ દ્વારા રચાયેલા છે. એમાં નિષ્કુળાનંદ પણ ધ્યાર્હ અને ઉલ્લેખનીય છે.

જૈનસાધુઓના દીક્ષા પ્રસંગે દીક્ષાર્થીના સંયમસુંદરી સાથેના વિવાહની વિગત કહીને ભાવકને કોની સાથે જોડાવું-જીવન વ્યતીત કરવું એવો સંયમપાણિગ્રહણનો મહિમા ગાતી જૈન કવિઓની શતાધિક રચનાઓમાં જિનેશ્વરસૂરિ વિવાહલું મેં સંપાદિત કરેલ. આ ઉપરાંત જૈનેતર પરંપરામાં પણ વજીયાકૃત સીતાવેલ', પ્રેમાનંદકૃતવ્રજવેલ', દીવાળીબાઈકૃત રામવિવાહ' ગિરધરકૃતસીતાવિવાહ' હરિદાસકૃત શિવવિવાહ, અને મુરારિકૃત ઈશ્વરવિવાહ' ધ્યાનાર્હ છે. સ્વામિનારાયણીય પરંપરાના મુક્તાનંદકૃતરુકિમણી વિવાહ' બ્રહ્માનંદકૃત રાધાવિવાહ' અને પ્રેમસખી પ્રેમાનંદકૃતતુલસીવિવાહ' તથા વૈષ્ણવાનંદનો પુરુષોત્તમ વિવાહ'ની સામે નિષ્કુળાનંદનોવૃત્તિવિવાહ' આગવી રૂપકરચના તરીકે મને ધ્યાનાર્હ જણાયો છે.

'ગુણગ્રાહક'

૧૦૧ દોહરામાં વ્રજ-હિન્દી ભાષામાં વ્યક્તિના વ્યક્તિત્વમાંથી કેવા ગુણ પ્રગટવા જોઈએ કે જેથી એવા ગુણવાન, ચારિત્ર્યવાન હરિભક્તની ઉપર પ્રભુ પ્રસન્ન રહે. શ્રીહરિના પ્રીતિપાત્ર બનીને જો ભક્ત માત્ર, ભક્તિ પૂજા, પાઠ જ નહીં પરંતુ એ ઉપરાંત ગુણની ઉપાસના આરાધનામાં પણ ક્રિયાશીલ રહે તેની આવશ્યકતા અહીં કેન્દ્રમાં રહેલી આવલોકવા મળે છે.

ગ્રંથનો આરંભ ગણેશસ્તુતિથી કર્યો છે. નિષ્કુળાનંદ ભક્તજનોને ગુણ અને દુર્ગુણ — અવગુણનો ભેદ સમજાવતા પંખીઓના અવાજના દૃષ્ટાંત આપતા કહે છે કે કોયલ, પોપટ અને મેના જેવાં પક્ષીઓ એના અવાજથી લોકોને આનંદ પહોંચાડે છે. ભગવાન અને એના ભક્તોની સેવા કરવી એ પણ એક પ્રકારના ગુણવાન વ્યક્તિત્વની ઓળખ છે. ભગવાન ગુણૈકપ્રિય છે. દુર્ગુણોનું પ્રાગટ્ય વ્યસન અને કુકર્મ રૂપ પ્રવૃત્તિઓમાં છે. માટે આવા કાર્યોનો ત્યાગ, આવી પ્રવૃત્તિઓને વર્જ્ય ગણવાનું નિષ્કુળાનંદનું તાત્ત્વિક પાસુ અહીં પ્રગટ્યું છે.

## ઘરેલુ ઉપાયથી ગરમી ભગાવો

ઉનાળામાં ગરમીથી રક્ષણ મેળવવા અને શરીરને ઠંડક આપવા માટે કેટલાક ઘરેલુ ઉપાય અજમાવવા જોઇએ. તેનાથી શરીરમાં ઠંડક મળી રહે છે. બહારના ઠંડા પીણાં કે કોલ્ડ ડ્રીકં ના પીવા જોઇએ તેનાથી શરીરને આડઅસર થતી હોય છે.આવા કોલ્ડ ડ્રીડકમા કેટલાક કેમિકલ અને અન્ય બીજા હાનિકારક પદાર્થો હોવાથી શરીરને નુકશાન થાય છે. ઉનાળામા બપોરના સમયે તો તાપ વધારે હોવાથી લૂ લગાવાથી બિમાર થઇ શકાય છે. તેથી શક્ય હોય ત્યાં સુધી બપોરે ઘરની બહાર નીકળવુ ના જોઇએ. કોઇ કામ હોય તો સવારના કે સાંજના સમયે તે પૂરુ કરવાની કોશિશ કરવી.



### લીબુંનો શરબત :

લીબું તો બારેમાસ અને સહેલાઇથી મળતા હોય છે. લીબુંમાં વિટામિન સી ભરપૂર માત્રામાં રહેલુ હોય છે. તેથી તેમાંથી અથાણાં અને શરબત બનાવી શકાય છે. લીબુંનો રસ દાળ અને શાકને સ્વાદિષ્ટ બનાવે છે. તેનાથી વિવિધ પીણાં બનાવી શકાય છે લીબુંનો શરબતતો ખૂબ જ લોકપ્રિય છે. લીબું શરબત સહેલાઇથી બનાવી શકાય છે. ગરમીમાં તેનુ સેવન વધારે કરવામા આવે છે. લીંબુ શરીરને સ્ફૂર્તિ અને તાજગી આપે છે. શરદી અને ઉધરસ પણ મટાડે છે. લીંબુનો શરબત બનાવવા માટે તેમાં પ્રમાણસર ખાંડ, મીઠું , જીરું મિક્સ કરીને પાણીમાં નાંખો ત્યાર બાદ લીંબુનો રસ નાંખીને હલાવો તરત જ શરબત તૈયાર થઇ જાય છે. તેમાં સ્વાદ વધારવા માટે ફુદીનાના પાન નાંખી શકો છો. ફુદીનાના પાન પણ ઠંડક આપે છે.

### છાશ :

કેન્સર અને ઝાડાની બિમારી દૂર કરનાર પ્રોબાયોટિકસથી ભરપૂર છાશ ગરમીના દિવસોમા વધારે પીવામાં આવે છે. તેમાં પ્રોટીન અને કાર્બોહાઇડ્રેટ તો હોય છે જ` શરીરને નુકશાન કરતા વસાને ઓછા કરે છે.છાશને સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં જીરુ,મીઠું, ફુદીના પાવડર, હીંગ નાંખીને પી શકો છો. બપોરના સમયે છાશ પીવાથી પેટમાં ઠંડક થઇ જાય છે.

### ફ્રૂટ જયૂસ :

ફ્રૂટ જયૂસ બનાવવા માટે ગાજર, મોસંબી, લીબું, તરબૂચ મિક્સ કરીને જયૂસ બનાવો. તેને એક ગ્લાસમા ભરો અને તમાં ફુદીના પાન નાના ટુકડા કરીને નાંખો ત્યાર પછી આ જયૂસ પીવો. ગરમીમાં ઠંડો જયૂસ પીવાની ઇચ્છા થાય છે. આ માટે દરેક ફળને સમારીને ટુકડા કરો અને ફ્રીજમા મૂકી રાખો જેથી આ ફળ ઠંડા રહેશે. આ વધારે ગળ્યો નહીં લાગે પરંતુ સ્વાદિષ્ટ અને સ્વાસ્થયમ ાટે લાભદાયી રહેશે.

### કેરીનો રસ :

ઉનાળામા પાકી કેરીનો રસ અમૃત સમાન માનવામા આવે છે. લૂ થી બચાવાની સાથે સાથે ડ્રિહાઇડ્રેશનથી પણ બચાવે છે.વિટામિન સી થી ભરપૂર કેરી ઝાડા, પાચનશક્તિ, એનિમિયા વગેરે સમસ્યા બચાવે છે. એન્ટી ઓકસિડેન્ટ હોવાને કારણે કેન્સરથી પણ રક્ષણ આપે છે. ઉનાળામા કાચી કેરીનો શરબત પી શકો છો. તેનાથી પણ લૂ લાગતી નથી.

### તરબૂચનો રસ :

ઉનાળાની ઋતુ શરૂ થતા જ બજારમા ઢગલા બંધ તરબૂચ આવી જાય છે. એન્ટી ઓક્સીડેન્ટ, પોટેશિયમથી ભરપૂર તરબૂચ હ્રદય, કેન્સર, ડાયાબિટિસની બિમારી મટાડી શકે છે. તરબૂચનો શરબત આ ઋતુમા તરસ પણ તૃપ્ત કરે છે અને તાજગી પ્રદાન કરે છે. તરબૂચનો શરબત તૈયાર કરવો સહેલો છે. તરબૂચને સમારીને તેના બીયા દૂર કરો અને તેમાં ખાંડ અથવા ગુલકંદ ભેળવો. મીઠું, જીરુ અને ચાટ મસાલો નાંખો. ઠંડુ બનાવવા માટે બરફના નાના ટુકડા નાંખી શકો છો.

### બીલીનો શરબત :

બીલીના પાન ઠંડા હોવાથી ભગવાન શિવને તે ચઢાવામા આવે છે. આ જ બીલીના ફળ એટલે બીલા પણ ઠંડક પ્રદાન કરતા હોય છે. પાકા બીલાં સ્વાદિષ્ટ ,રુચિકર અને પાચન ક્ષમતા વધારનાર છે. ડાયાબિટીસ, લોહી ની ઊણપ, લૂ લાગવાની સમસ્યા વગેરે દર્દ મટાડી શકે છે. તેનો શરબત પીવાનો દરેકને ગમતો હોય છે. બીલાંના શરબતમા થોડીક ખાંડ અને મીઠું નાંખવાથી તે સ્વાદિષ્ટ બને છે.

### નારીયેળ પાણી :

નારીયેળમા અનેક ગુણ રહેલા હોય છે. તે જ રીતે નારિયેળનુ પાણી પણ કોઇ બિમાર વ્યક્તિને પીવડાવામા આવે તો તે જલદી સાજો થઇ જાય છે. નારીયેળ પાણીમાં વિટામિન અને કેલ્શિયમ રહેલુ હોય છે. શરીરમાં ગ્લુકોઝ, ઇલેક્ટ્રોલાઇટ્સ અને મિનરલ્સના સ્તરને જાળવી રાખે છે.

### શેરડીનો રસ :

મિનરલથી ભરપૂર શેરડીનો રસ દાંતની રક્ષા તો કરે છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિ લાવે છે. ગ્લુકોઝનો સારો સ્ત્રોત હોવાને કારણે શરીરમાં ઉર્જાનુ સ્તર જાળવી રાખે છે.

### જલજીરા :

ગરમીમાં આપણા શરીરને ઠંડક અને પાચન ક્રિયા સારી રાખવા માટે જલજીરાનો શરબત સારો છે. સ્વાદથી ભરપૂર જલજીરાનો શરબત બનાવવો સહેલો છે. ત્રણ ચાર ગ્લાસ જલજીરા બનાવવા માટે બે લીંબુનો રસ, આમલી, ફુદીનાના પાન, ધાણા, બરફના ટુકડા અને પાણી મિક્સ કરો.

### મિલ્ક શેક :

મિલ્ક શેક તૈયાર કરવા માટે વધારે સમયની જરૂર નથી. કેલ્શિયમ અને ઉર્જાનો સારો સ્ત્રોત મિલ્ક સેક સ્વાદ અનુસાર બનાવી શકાય છે. આ કોઇ પણ સમયે પી શકાય છે. તેને કેળા, ચોકલેટ,વેનીલા, સ્ટ્રોબેરી વગેરે સ્વાદમા બનાવી શકો છો.

## ચિંતન : પરમાત્માઃ સત્-ચિત્-આનંદ

બ્રહ્મસૂત્રમાં જણાવાયું છે કે 'આનંદમયોઽભ્યાસાત' — આનંદ શબ્દનો ઉલ્લેખ પરમાત્માનો, બ્રહ્મનો, ઈશ્વરનો વાચક છે. બ્રહ્મ સાથે કોઈપણ પ્રકારના વિકાર, વિકૃતિ કે અંતર્ગત વિરોધી શક્ય ન હોવાથી બ્રહ્મ આનંદમય જ છે એમ સ્થાપિત થાય છે. શ્રુતિમાં પણ બ્રહ્મને આનંદના હેતુ તરીકે પણ સ્થાપિત કરાય છે. સત્-ચિત્-આનંદ એટલે બ્રહ્મ.બ્રહ્મ સત્? સ્વરૂપ છે, બ્રહ્મ સત્ય છે. આ સત્ય એટલે ઈન્દ્રિયો દ્વારા પ્રતીત થતી બાબત નહીં, પરંતુ સંપૂર્ણ સત્ય. એ પ્રકારનું સત્ય કે જેના અસ્તિત્વ માત્રથી અસત્યના અસ્તિત્વની સંભાવના સંપૂર્ણતામાં નાશ પામે છે. દેખીતું સત્ય એ મર્યાદિત હકીકત છે. સૂરજ પૂર્વમાં ઊગતો નથી, પણ તે પ્રમાણે ઊગતા હોય તેમ જણાય છે. ઈન્દ્રિયો પ્રકાશિત નથી પણ તે પ્રકાશિત હોય તેમ અનુભવાય છે, જે કંઈ માહિતી પ્રાપ્ત થાય છે તે સત્ય છે તેમ માની ન શકાય.બધું જ પરિવર્તનશીલ છે, જેનું આજે અસ્તિત્વ છે તે કાલે ક્યાંક લુપ્ત થઈ જશે. જે આજે એક સ્વરૂપે છે તે કાલે અન્ય સ્વરૂપે અસ્તિત્વમાં હશે. અહીં કશું જ શાશ્વત નથી, કાયમી નથી. તો પછી સત્યનો આધાર કયો. સત્ય તો સત્ય છે, જેના પર સમય અને સ્થળની મર્યાદા ન હોય. સૃષ્ટિની જે કોઈ ઘટના, તત્ત્વ, ગુણધર્મ તથા સૃષ્ટિના જે કોઈ કારણ-પરિણામનું સમીકરણ જો સમય અને સ્થળને આધારિત હોય તો તે સત્ય ન હોઈ શકે — તેને લગતી પ્રત્યેક બાબત પણ સત્ય ન હોઈ શકે. સત્ય હંમેશાં શાશ્વત હોવું જોઈએ અને તેથી જ બ્રહ્મ શાશ્વત હોવાથી તે જ સત્ય છે.વ્યવહારમાં સુખ અને દુઃખને વિરોધી કહેવાય છે. તેથી એમ કહી શકાય કે આનંદનું વિરોધી દુઃખ નથી. છતાં પણ ક્યારેક આનંદના વિરોધી તરીકે દુઃખની ધારણા કરવામાં આવે છે. આનંદનો વિરોધી માનસિક સંતાપ કે ઉદ્વેગ હોઈ શકે. દુઃખના કારણ તરીકે માનસિક સંતાપ કે ઉદ્વેગ, કોઈક ઈચ્છાની અપૂર્તિતા, કોઈક પ્રકારની નિષ્ફળતા, કોઈક વિકારનો પ્રવેશ,



અસ્તિત્વમાં ક્યાંક ઉદ્ભવેલી અક્ષમતા, ભાવાત્મક સમીકરણમાં અધૂરાશ કે સુખ-સંપત્તિનો અભાવ હોઈ શકે. પરમાત્મા માટે આવી કોઈ સંભાવના નથી. પરિણામે પરમાત્મા ક્યારે ય આનંદની વિરોધી સ્થિતિમાં આવી જ ન શકે. પરમાત્મા સદાય આનંદમગ્ન હોય. જે સદાય આનંદમગ્ન હોય તે આનંદ સ્વરૂપ બની રહે. બ્રહ્મ આનંદ સ્વરૂપ છે.એવું કશું અપ્રાપ્ય નથી કે જે ઈશ્વરને પ્રાપ્ત કરવાનું છે. એવો કોઈ વિષય નથી કે જેને ભોગવવાની ઈશ્વરને ઈચ્છા થાય. એવો કોઈ સંકલ્પ નથી કે જેને સ્થાપિત કરવાનો ઈશ્વરને ભાવ જાગે. એવી કોઈ ઘટના નથી જે માટે ઈશ્વરને લગાવ હોય. એવું કોઈ કાર્ય નથી કે જે ઈશ્વરને તે પ્રમાણે કરવા માટે પ્રેરે. નિવૃત્તિ કે પ્રવૃત્તિ, ઈશ્વરને કશાનો આગ્રહ નથી. કારણ કે પરિણામ, ઈશ્વરને કશાનું બંધન નથી. એકવાર એમ લાગે કે ઈશ્વરને ધર્મ માટે આગ્રહ છે, પણ આ ધર્મની વ્યાખ્યા આધ્યાત્મને આધારિત છે તેમ કહી શકાય. આધ્યાત્મ એટલે ઈશ્વરનો સ્વભાવ. ઈશ્વર આધ્યાત્મની સ્થાપના કરે નહીં, તેનો સ્વભાવ સ્વયં આધ્યાત્મ છે. તેથી એમ કહી શકાય કે ધર્મની સ્થાપના ઈશ્વરના સામ્રાજ્યમાં સ્વાભાવિક ઘટના છે. એક યા બીજા સ્વરૂપે તે ઘટીત જ થતી જ રહે.બ્રહ્મ પાસે બધું જ છે, બ્રહ્મ જ બધું છે, જ્યાં કશાનો અભાવ ન હોય, સંકલ્પ ન હોય, ઈચ્છા ન હોય, મમત્વ ન હોય ત્યાં હંમેશા આનંદ પ્રસરેલો રહે. તે સ્થિતિ એટલે જ આનંદનો પર્યાય. તે સ્થિતિ એટલે બ્રહ્મનું સ્વરૂપ. બ્રહ્મ એટલે આનંદ અને આનંદ એટલે બ્રહ્મ. હરખ અને શોકની હેડકીની આ વાત નથી, અહીં તો આઠે પહોર પ્રવર્તમાન હોય તે આનંદની વાત છે.પ્રત્યેક જીવનના સંસ્કારો સંગ્રહિત રૂપે ચિત્તમાં સ્થિત હોય છે, જે જન્મમાં જે પણ કંઈ અનુભવાયું હોય, જે પણ ગ્રહણ કરાયું હોય કે જે સંસ્કાર નિભાવાયા હોય તે ચિત્ત સ્વરૂપે ઘનતા પામે. ચિત્ત સંગ્રહસ્થાન છે જેમાં વર્ષોનો નીચોડ સ્થાપિત થયેલો હોય છે.

## તંત્રી લેખ...-

**સોમવાર, તા.૨૪ માર્ચ ૨૦૨૫**

### પ્રતિબંધ છતાંયે ગુજરાતમાં દારૂ, ડ્રગ્સનો ‘રાજાના કુંવર’ની જેમ વધતો કારોબાર

મહાત્મા ગાંધીજી વિશ્વના છે, પણ તેમનો એકડો કાઢવામાં હવે ગાંધી ગુજરાતનાય કેટલા રહ્યા હશે તે સવાલ જ છે. દારૂબંધી જાળવવા ને ડ્રગ્સ માફિયાઓને જેર કરવા પ્રયત્નો થાય છે, પણ વધુ દારૂ પકડાવામાં ને દરિયે વધુ ડ્રગ્સ ઉતારવાની વાતનો કોઈ ચોક્કસ ખેલ પકડાતો નથી. ગુજરાતનો દરિયા કાંઠો ડ્રગ્સ ઉતારવા માટે જ બન્યો હોય તેમ અહીં ડ્રગ્સ ઊતરે છે ને ધીમે ધીમે ખતરનાક રીતે તે અંતરિયાલ વિસ્તારમાં પહોંચે પણ છે. દારૂબંધી હોય એવું જરા પણ યાદ ન આવે એ રીતે, દારૂની હેરફેર, રેલવે દ્વારા ઘણાં શહેરોમાં વિના રોકટોક ચાલતી હોવાના પુરાવા વધતા જાય છે. ગમે ત્યાં ટ્રેનનું ચેઈન પુલિંગ કરીને, વચ્ચે જ ટ્રેન થોભાવીને દારૂનાં પોટલાં ઉતારી લેવાઈ રહ્યાની વાતો વધતી જાય છે. લોકોએ ઊહાપોહ કરતાં પોલીસ હાજર તો થઈ જાય, પણ પછી પરિસ્થિતિ બદલાતી નથી. પબ્લિક ઘણીવાર એટલી ઉશ્કેરાઈ જાય કે પોલીસની હાજરીમાં જ રાજ્યના સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરે છે. હવે લોકો એવું પણ ચર્ચતા થયા છે કે પોલીસ હેલ્મેટ ફરજિયાત કરવા જીવ પર આવ્યા છે, પણ દારૂની હેરફેર રોકવાનો ઉકેલ આટલા વર્ષોની દારૂબંધી પછી પણ પણ મળતો નથી.

દારૂબંધી નથી એવા રાજ્યમાં, દારૂ અને ડ્રગ્સથી થતાં નુકસાન કરતાં, દારૂબંધીવાળા ગુજરાતમાં થતું નુકસાન વધારે હોય તો નવાઈ નહીં ! હોળી-ધૂળેટી જેવા તહેવારોમાં ઘણા દારૂ પી-પાઈને તેની ઉજવણી કરવામાં જ ધર્મ માનતા હોય છે. એક તબેલામાં દૂધને બદલે દારૂ ઝડપાયો. રાજકોટમાં દૂધની જેમ દેશી દારૂ, ગાંજો, ડ્રગ્સ અને ચરસ વગેરે ૨૫ જગ્યાએ વેચાઈ રહ્યાના સમાચાર આવ્યા હતા. જાહેરમાં નબીરાઓ દારૂ ઢીચીને મ્યુઝિકના તાલે ઝૂમી રહ્યાના વીડિયો વાઈરલ થયા કરે છે. પોલીસ સ્ટેશન નજીકમાં જ હોવા છતાં આ નબીરાઓ કાયદાની ઐસી તૈસી કરીને પૂરી બેશરમીથી દારૂની મહેફિલ માણતા થઈ ગયા છે. સવાલ તો એ પણ છે કે પોલીસ રાતભર ચેકિંગ કરતી હોવાનો દાવો કરે છે, ત્યારે પોલીસનું પેટ્રોલિંગ શંકાસ્પદ બની જાય છે. દારૂબંધીનો પ્રભાવ ગુજરાતમાં નબળો પડી ગયો છે. સરકાર દાવાઓ તો ઘણા કરે છે કે કોઈને છોડવામાં નહીં આવે, પણ એમ લાગતું નથી. ગુજરાત વિધાનસભામાં સરકાર માહિતી આપે છે કે અમદાવાદ અને ગાંધીનગર સહિત રાજ્યના ૮ જિલ્લાઓમાંથી એક જ વર્ષમાં ૨ લાખથી વધુ લિટરની દેશી દારૂની અને ૩૦ લાખથી વધુની વિદેશી દારૂની બોટલો પકડાઈ છે. વાત કરોડો રૂપિયાનો દારૂ પકડવા પૂરતી સીમિત નથી રહી, પણ ચરસ અને અફીણનો કરોડોનો જથ્થો પણ પકડાયો છે તે ચિંત્ય છે. ગુજરાત હવે દારૂ ઉપરાંત ડ્રગ્સ, ગાંજા, ચરસનું મુખ્ય મથક બની ગયું હોવાની ચર્ચા અને આક્ષેપ ગંભીર છે. આટલો માલ ગુજરાતમાં ઊતરે છે તે પણ ખરું કે કેમ? પ્રજાને બરબાદ કરે છે તે જોખમ અંગે વિચારવાનું ખરું કે કેમ?

**દારૂબંધી નથી એવા રાજ્યમાં, દારૂ અને ડ્રગ્સથી થતાં નુકસાન કરતાં, દારૂબંધીવાળા ગુજરાતમાં થતું નુકસાન વધારે હોય તો નવાઈ નહીં ! હોળી-ધૂળેટી જેવા તહેવારોમાં ઘણા દારૂ પી-પાઈને તેની ઉજવણી કરવામાં જ ધર્મ માનતા હોય છે.**

## આરતીનું મહત્ત્વ

પૂજાના અંતમાં આરતી કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે પૂજામાં કોઈ કમી રહી જાય તો આરતીથી તે કમી પૂરી થઈ જાય છે. આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે આરતી કરવાથી જ નહીં, આરતી જોવા માત્રથી પણ ઘણું પુણ્ય મળે છે. હિંદુ ધર્મમાં પૂરી શ્રદ્ધા ભક્તિથી પોતાના ઈષ્ટદેવની આરતીનું વિશેષ મહત્ત્વ ગણાવવામાં આવ્યું છે. પ્રાચીન પરંપરા અનુસાર આરતી રાગમાં ગાવામાં આવે છે. તેની પાછળ ધાર્મિક કારણ તો છે જ, સાથે જ તેનું વૈજ્ઞાનિક કારણ પણ છે. ધાર્મિક કારણ તો એ છે કે સંગીતમય આરતી ભક્તોને પ્રસન્ન કરી દે છે. સંગીત દરેક સ્થિતિમાં મનને શાંતિ આપનારું હોય છે. આપણા ધાર્મિક ગ્રંથોમાં કેટલાય પ્રસંગો એવા આવે છે જેમાં ભગવાનની પ્રાર્થનામાં વિભિન્ન વાદ્યયંત્રો સાથે-સાથે તેમની સ્તુતિને સાચા સૂરમાં ગાવામાં આવે છે. એવા સ્તુતિ ગાનથી દેવી-દેવતા શીઘ્ર પ્રસન્ન થઈ જાય છે. પ્રતિદિન પ્રાતઃકાળે સૂર-તાલની સાથે આરતી કરવી આપણા સ્વાસ્થ્ય માટે પણ લાભદાયક છે. યોગ્ય સૂરમાં ગાવાથી આપણા શરીરની આખી સિસ્ટમ સક્રિય થઈ જાય છે. આપણને ઊર્જા મળે છે અને રક્ત સંચાર સંતુલિત થઈ જાય છે. નિયમિત આરતી કરનાર લોકોના અવાજમાં અલગ જ આકર્ષણ પેદા થઈ જાય છે. તેનાથી ગળા સંબંધિત કેટલાક રોગો દૂર કરવામાં મદદ મળે છે. તે ઉપરાંત વ્યક્તિ ખુશ રહેવા લાગે છે. મંદિરમાં સમૂહમાં આરતી થવાથી મનુષ્ય ખુદને ક્યારેય એકલો નથી અનુભવતો. આ પ્રકારે કેટલાય લાભો જોવાને કારણે જ આરતીઓને રાગમાં ગાવાની પરંપરા શરૂ થઈ.

કેટલાય મંદિરોમાં આરતી, શંખ ધ્વનિ, ઘંટ-ઝાલર સાથે થાય છે. ઘંટનાદથી કેટલાંય શારીરિક કષ્ટ દૂર થઈ જાય છે અને નવી માનસિક ઊર્જા મળે છે. ઘંટનાદનાં કંપન માનસિક તંદ્રાને દૂર કરીને શાંતિ પ્રદાન કરે છે. ૧૯૨૮માં બર્લિન યુનિવર્સિટીમાં ઘંટ અને શંખના ધ્વનિ સંબંધે જે શોધ થઈ હતી, તેના નિષ્કર્ષો અનુસાર પ્રતિ સેકંડે ૨૭ ઘનફૂટ વાયુ શક્તિના જોરથી વગાડેલ ઘંટ ૧૨૦૦ ફૂટ દૂર સુધીના જીવાણુઓને મારવામાં સક્ષમ છે. આ જ રીતે ઘંટ અને શંખથી નીકળેલ ધ્વનિ કેટલાય પ્રકારના ચેપી કીટકો અને જીવાણુઓનો નાશ કરી દે છે. આરતી બાદ ભગવાનના ચરણામૃતનું પણ વિશેષ મહત્ત્વ છે. હિંદુ ધર્મમાં તેને બહુ જ પવિત્ર માનવામાં આવે છે. શ્રદ્ધાળુ આ ચરણામૃતને ઈશ્વરનો પ્રસાદ માને છે અને તેમનો વિચાર એ છે કે તેને ગ્રહણ કરવાથી તેમને ભગવાનની કૃપા મળી જાય છે.

**કેટલાય મંદિરોમાં આરતી, શંખ ધ્વનિ, ઘંટ-ઝાલર સાથે થાય છે. ઘંટનાદથી કેટલાંય શારીરિક કષ્ટ દૂર થઈ જાય છે અને નવી માનસિક ઊર્જા મળે છે. ઘંટનાદનાં કંપન માનસિક તંદ્રાને દૂર કરીને શાંતિ પ્રદાન કરે છે.**

### સંઘ હજુ મણિપુરના મુદ્દે ખાસ ચર્ચા કરવાનો છે

# સંઘ મણિપુરની ચર્ચા જ કરશે કે કશું નક્કર પણ કરશે?

ભાજપના પિતૃ સંગઠન મનાતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની ત્રણદિવસીય અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠક શુક્રવારે બેંગલુરુમાં શરૂ થઈ અને પહેલા જ દિવસે સંઘે મણિપુરનો મુદ્દો છેડી દીધો. સંઘ વતી બોલતાં સંઘના નેતા સી.આર. મુકુંદે મણિપુરની પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરીને કહ્યું કે, મણિપુર છેલ્લા ૨૦ મહિનાથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારના કેટલાક રાજકીય અને વહીવટી નિર્ણયો પછી હવે આશાનું કિરણ દેખાય છે, પણ રાજ્યમાં પરિસ્થિતિ સામાન્ય થવામાં હજુ ઘણો સમય લાગશે.

મુકુંદે જે કહ્યું એ એક જનરલ સ્ટેટમેન્ટ છે, પણ મુકુંદનું નિવેદન એ વાતનો પુરાવો છે કે, મણિપુરની સ્થિતિને કાબૂમાં લેવા માટે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર જે પ્રયત્નો કરી રહી છે તેનાથી સંઘને જરાય સંતોષ નથી. બીજી મહત્ત્વની વાત એ કે, મોદી સરકાર મણિપુરમાં ઑલ ઈઝ વેલની આલબેલ વગાડ્યા કરે છે, પણ સંઘ મોદી સરકારની આ ગોળી ગળવા પણ તૈયાર નથી. સંઘે સાફ શબ્દોમાં કહ્યું છે કે, મણિપુરમાં સ્થિતિ સામાન્ય નથી અને પરિસ્થિતિ સામાન્ય થવામાં હજુ ઘણો સમય લાગશે. ભાજપ સંઘ પરિવારનો હિસ્સો છે તેથી સંઘ ભાજપને જાહેરમાં ઝાટકી શકે તેમ નથી તેથી કેન્દ્ર અને રાજ્ય સરકારનાં પગલાંથી આશાનું કિરણ દેખાય છે એવી વાત કરવી પડે છે, પણ સાથે સાથે સ્થિતિ સામાન્ય નથી એવું કહીને સંઘે અસંતોષ પણ વ્યક્ત કરી દીધો છે.

સંઘ હજુ મણિપુરના મુદ્દે ખાસ ચર્ચા કરવાનો છે. આ ચર્ચામાં શું બહાર આવે છે ને સંઘ શું નક્કી કરે છે એ જોવાનું છે, પણ સંઘ વારંવાર મણિપુરની વાત કેમ કર્યા કરે છે એ સમજવાની જરૂર છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવી પછી હિંદુત્વનો એજન્ડા મજબૂત બનશે અને આખા દેશમાં હિંદુત્વનો ફેલાવો થશે એવી સંઘને આશા હતી, પણ મોદી સરકાર દૂધ ને દહીં બંનેમાં પગ રાખવા જાય છે તેમાં હિંદુત્વના મુદ્દે કોઈ ભલીવાર આવતો નથી.

ભારતમાં ઉત્તર અને પશ્ચિમ ભારતમાં હિંદુત્વનો મુદ્દો ધમધોકાર ચાલે છે, પણ પૂર્વ અને દક્ષિણનાં રાજ્યોમાં તેની કોઈ અસર નથી. દક્ષિણનાં રાજ્યો પોતાની ભાષા અને સંસ્કૃતિના કેફમાં છે તેથી સંઘને ગણકારતાં નથી. પૂર્વમાં સેક્યુલારિઝમનો પ્રભાવ વધારે છે અને ખ્રિસ્તી મિશનરીઝ મચી પડેલી છે તેમાં હિંદુત્વને અસર થઈ રહી છે. ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં ધમધોકાર ધર્માંતરણ ચાલે છે અને આદિવાસીઓને મિશનરીઝ વટલાવીને ખ્રિસ્તી બનાવી રહી છે. સંઘ વરસોથી આ ધર્માંતરણ રોકવા મથ્યા કરે છે, પણ ફાવતો નથી.

મોદી સરકારના કારણે સત્તાનો ટેકો મળશે તેથી મિશનરીઝને દૂર કરીને ઉત્તર-પૂર્વમાં હિંદુત્વની લહેર ઊભી કરી દેવાશે એવી સંઘને આશા હતી, પણ એવું થયું નથી. આ ઓછું હોય તેમ મણિપુરની હિંસામાં મોદી સરકાર હિંદુઓની રક્ષા કરવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ. તેના કારણે ઉત્તર-પૂર્વના હિંદુઓ ફફડેલા પણ છે અને ભડકેલા પણ છે. ભાજપ અને સંઘ બંનેના નામથી હિંદુઓ ભડકે છે ને એ સ્વાભાવિક છે.મણિપુરની હિંસા હિંદુ મૈઈતેઈ સમુદાય અને ખ્રિસ્તી કુકી સહિતના આદિવાસી સમાજના સામસામા જંગના કારણે ફાટી નીકળેલી. આ જંગમાં હિંદુઓ મરી રહ્યા હતા ને કહેવાતી હિંદુવાદી સરકાર તથા હિંદુવાદી નેતાઓ પણ તમાશો જોઈ રહ્યા હતા. આ ખામોશી માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સહિતનાં હિંદુવાદી સંગઠનોના માથે માછલાં ધોવાવાં માંડ્યાં પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે મણિપુરની હિંસાનો મુદ્દો ઉખેળવો પડેલો.સંઘને પણ મોડે મોડે ભાન થયું છે કે, મોદીને સારું લગાડવાના ચક્કરમાં ઉત્તર-પૂર્વના હિંદુઓને નારાજ કરી દીધા છે તેથી હવે મણિપુરની વાત દર મહિને કરે છે. તકલીફ એ છે કે, સંઘ હજુય વાતો જ કરે છે ને નક્કર કશું કરતો નથી. મણિપુર બીજું જમ્મુ અને કાશ્મીર બની ગયું છે. મણિપુરમાં પણ હિંદુઓને ટાર્ગેટ કરાય છે છતાં સંઘ ચર્ચાઓ જ કર્યા કરે છે ને નિવેદનો આપ્યાં કરે છે.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બીજી એક ઘટનાની પણ નોંધ લેવી જોઈએ. પ્રતિનિધિ સભાની શરૂઆતમાં ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહ, તબલાં વાદક ઝાકિર હુસૈન અને પત્રકાર પ્રીતિશ નંદીને સંઘના અન્ય દિવંગત કાર્યકરો સાથે શ્રદ્ધાંજલિ આપવામાં આવી. સંઘના કાર્યક્રમોમાં સંઘના કાર્યકરો કે નેતાઓને શ્રદ્ધાંજલિ અપાય છે, પણ બીજા રાજકીય નેતાઓ કે દેશના સપૂતોને બહુ યાદ કરાતા નથી. તેમાં પણ ડૉ. મનમોહનસિંહ જેવા કૉંગ્રેસી વડા પ્રધાનને શ્રદ્ધાંજલિ અપાય એ તો મોટી વાત કહેવાય. સંઘે ડૉ. મનમોહનસિંહના યોગદાનને વખાણ્યું નથી કે બહુ વરસ્યો નથી, પણ અત્યાર લગી કૉંગ્રેસી વિચારધારા તરફ આભડછેટ રાખનારો સંઘ ડૉ. મનમોહનસિંહને યાદ કરવાની વિનમ્રતા બતાવે એ પણ સારું છે.ડૉ. મનમોહનસિંહ વિરાટ વ્યક્તિત્વ ધરાવતા હતા. મનમોહનસિંહે ભારતનો ઈતિહાસ બદલી નાખ્યો તેમાં મીનમેખ નથી. ડૉ. સિંહ કોઈના સર્ટિફિકેટના મોહતાજ નથી કે કોઈ તેમને વખાણે તો જ તેમનું યોગદાન લેખે લાગે એવું પણ નથી. તેમાં પણ સંઘના સર્ટિફિકેટની તો તેમને બિલકુલ જરૂર નથી કેમ કે ડૉ. મનમોહનસિંહે જે કરી બતાવ્યું એ કરી બતાવવાનું સંઘનું ગજું નથી.

સંઘ વરસોથી સ્વદેશીની ને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવાની ને એવી તો કરે છે, પણ આર્થિક મોરચે કશું નક્કર કરતો નથી. બલકે સંઘના આર્થિક મુદ્દે વિચારો બદલાયા કરે છે. ભાજપમાં જેની સત્તા હોય તેના વિચારો એ આપણા વિચારો એવી સંઘની માનસિકતા છે. તેની સામે ડૉ. સિંહે તો દેશને બદલ્યો છે તેથી કોઈ શ્રદ્ધાંજલિ ના આપે તોપણ બહુ ફરક ના પડે, પણ સંઘ પોતાની વાડાબંધી તોડી રહ્યો છે એ જોઈને સારું લાગે છે.

### પંચોતેર વર્ષ પછી સંન્યાસ લેવાની વ્યવસ્થા પણ અર્થહીન લાગે છે.

# હજી આપણે હરદ્વારના કુંભમાં જ રહેવાનું છે. થોડી ચર્ચા બાકી છે

### મૂળ વાત પર આવીએ. આશ્રમવ્યવસ્થા પ્રમાણેનો સંન્યાસ બહુ સફળ થયો લાગતો નથી

સંન્યાસપદ્ધતિ તથા આચારમાં આજ એટલું મોટું પરિવર્તન આવેલું છે કે શૂળ શાસ્ત્રો સાથે તેનો કશો જ મેળ રહ્યો નથી. પૂર્વ કહ્યું તેમ, પંચોતેર વર્ષ પછીના વૃદ્ધો માટે આ આત્મકલ્યાણલક્ષી જીવનવ્યવસ્થા હતા. જોકે આશ્રમવ્યવસ્થા ક્યારેય પણ ફરજિયાત કરી શકાઇ નથી. પ્રત્યેકને પંચોતેર વર્ષ પછી સંન્યાસ લેવો જ પડે તેવી ચુસ્ત વિધિઓનું પાલન થયું નથી. સંન્યાસાશ્રમની માફક વાનપ્રસ્થાશ્રમ વિશે પણ આવી કડક વ્યવસ્થા થઇ શકી નથી. પચાસ વર્ષ વટાવ્યા પછી તરત જ વાનપ્રસ્થાશ્રમી થવું જોઇએ. તેવું બોલનાર ભલે બોલે. પણ આવા વાનપ્રાસ્થીઓ થતા જ રહ્યા છે, તેવું પ્રમાણ મળતું નથી.

આવું જ બ્રહ્મચર્યાશ્રમનું પણ છે. ગુરુકુળમાં મુખ્યતઃ બ્રહ્મવર્ગ ભણતો, તે પણ બધો નહિ, બહુ થોડો. એટલે જે વર્ગ ભણતો નહિ તેને ચોવીસ વર્ષનું બ્રહ્મચર્ય પાળવાનું અનિવાર્ય ન હતું. ક્ષત્રિય-વૈશ્યોને આશ્રમવ્યવસ્થાના શરૂઆતના દિવસોમાં થોડો પ્રવેશ મળતો, પણ સમય વીતતી ગયો તેમ તેમ તેમનો પ્રવેશ ઘટતો ગયો. તે લગભગ નહિવત થઇ ગયો. એટલે તેમનામાં પણ ચોવીસ વર્ષના બ્રહ્મચર્યાશ્રમની અચૂક વ્યવસ્થા હતી તેવું કહી શકાય નહિ. બિચારા શૂદ્રો માટે તો આ વ્યવસ્થા હતી જ નહિ. તેમને ભણવાનું જ ન હતું. એટલે એમ કહી શકાય કે આશ્રમવ્યવસ્થા, કાગળ ઉપરની આદર્શ વ્યવસ્થા હતી. જીવનમાં તેને ઢાળનારો અત્યલ્પ હતો.

પંચોતેર વર્ષ પછી સંન્યાસ લેવાની વ્યવસ્થા પણ અર્થહીન લાગે છે. પંચોતેર વર્ષનો વૃદ્ધ, જર્જર શરીર, રોગિષ્ઠ શરીર, અનેક પ્રકારના પથ્યોની જરૂરિયાતવાળું શરીર લઇને ગામ બહાર કોઇ વૃક્ષ નીચે રહે, ગામમાંથી ધુમાડો બંધ થયા પછી ભિક્ષા લેવા જાય. પાંચ ઘરની ભિક્ષા લાવી, પાણીમાં ઝબકોળી

નિશ્ચિત ગ્રાસ ભિક્ષાના ખાય. બસ, પછી કાંઇ જ ન ખાય. કોઇનો સંગ ન કરે. કોઇ ગામમાં ત્રણ દિવસથી વધુ રોકાય નહિ. કશી વસ્તુનો સંગ્રહ ન કરે. લ-મીનો સ્પર્શ (ધાતુમાત્રનો સ્પર્શ ન કરે, ત્યારે લ-મી ધાતુમાંથી બનતી એટલે) ન કરે, પૂર્વાશ્રમી સાથે સંબંધ ન રાખે વગેરે વગેરે કડક નિયમોનું પાલન કરે અને જીવનના શેષ દિવસો પૂરા કરે. આવી વ્યવસ્થા પંચોતેર વર્ષના વૃદ્ધ માટે કરવી તે કલ્યાણકારી નથી લાગતી. જે વૃદ્ધાવસ્થામાં સ્વજનોની હૂંફ તથા સેવાની વધુમાં વધુ જરૂર હોય તે જ સમયે તેને એકાકી લાચાર બનાવી કઠોર નિયમોવાળું જીવન જીવવા પ્રેરિત કરવો તે ઠીક નથી લાગતું. નિયમો પળાવા માટે રચાતા હોય છે, પાળવા માટે ભાગ્યે જ રચાયા હોય છે.

દુનિયાના મોટા મોટા ધર્માચાર્યોના જીવનચરિત્રો જોજો. જે કડક નિયમો તેમણે રચ્યા છે તેનું પાલન તેમણે પોતે લગભગ નથી કર્યું. કડક નિયમો બનાવવા અને લોકો ઉપર લાદી દેવા એ કઠિન કામ નથી. પણ હળવા નિયમોને પણ જીવનમાં પાળી બતાવવા તે જ કઠિન કામ છે. નિયમ બનાવનાર અને પાળનાર બન્ને જ્યારે અલગ અલગ વર્ગ હોય છે ત્યારે નિયમોમાં વ્યાવહારિકતા ઘટી જાય છે. પંચોતેર વર્ષના વૃદ્ધને આવી કઠોર અને અગવડોભરી જિંદગી જીવવા માટે સંન્યાસના નામે પ્રેરિત કરવો તેના કરતાં ઉત્તમ વૃદ્ધાશ્રમમાં, પથ્યાનુસાર ભોજન, સેવા, શુશ્રૂષા, ઔષધ, આત્મીયતા તથા સત્સંગ-ભજનવાળી વ્યવસ્થા કરી આપવી તે ઉત્તમ વ્યવસ્થા કહેવાય. મોક્ષના નામે કષ્ટ અને અગવડોમાં જીવનને અટવાવ્યા કરવાની પદ્ધતિઓ પહેલા પણ હતી અને આજે પણ છે. એક પ્રકારની લાચારીમાં પોતાને બેસાડી દેવાનું નામ મોક્ષસાધના ન કહેવાય.

આજે ઘણી વાર અત્રતત્ર સંન્યાસનિયમવાળા પુસ્તકોમાંથી પ્રચલિત સંન્યાસની તુલના કરવા પ્રયત્ન થાય છે, ત્યારે કશો જ મેળ મળતો નથી, કારણ કે આવો સંન્યાસ ભૂતકાળમાં હશે તોપણ અત્યલ્પ સંખ્યામાં જ હશે. ‘પંચતંત્ર’ જેવા પ્રાચીન ગ્રંથમાં પણ સંન્યાસીની કથા મઠ અને સંપત્તિ સાથે આવેલી છે. એવું લાગે છે કે બૌદ્ધ તથા જૈન ધર્મ પરિવ્રજ્ય ઉપર અતિશય ભાર મુક્યો, તેથી સાધુઓનું પ્રમાણ વધ્યું. વધી ગયેલા સાધુઓએ નિવૃત્તિમાર્ગ અને મોક્ષનો જ પ્રચાર કર્યો. મોક્ષ માટે નિવૃત્તિ જરૂરી અને નિવૃત્તિ માટે સંસારત્યાગ જરૂરી. સંસારત્યાગ કરાવવા સંસારની વ્યર્થતા, અનર્થતા અને અનિષ્ટતા બતાવવી જરૂરી થઇ જાય.

આ રીતે સામાન્ય રીતે સાધુવર્ગ સમાજના પ્રશ્નો, વ્યક્તિના પ્રશ્નો તથા રાષ્ટ્રના પ્રશ્નોમાં રસ લેવા કરતા મોક્ષના પ્રશ્નોમાં જ વધુ રસ લેતો થયો. યુવાનોને સાધુ-દીક્ષા આપી આત્મકલ્યાણને માર્ગ વાળવા કરતા એ જ યુવાનોને સૈનિક દીક્ષા આપી-અપાવી, રાષ્ટ્રરક્ષાના કાર્યમાં વાળ્યા હોત તો આ દેશને કદાચ ગુલામ થવું પડ્યું ન હોત, જે દેશનું યૌવનધન નિવૃત્તિના નામે અકર્મણ્યતા સ્વીકારતું હોય, મોક્ષના નામે માત્ર સ્વલક્ષી-સ્વાર્થી-જીવન જીવાતું હોય તે દેશનું ભલું કેમ થાય? મારા આ વિચારો તે સમયના નહિ પણ આજના છે. આટલા અનુભવોના છે. તે સમયે તો હું પણ મોક્ષ માટે તલપાપડ હતો.

મૂળ વાત પર આવીએ. આશ્રમવ્યવસ્થા પ્રમાણેનો સંન્યાસ બહુ સફળ થયો લાગતો નથી, એટલે બૌદ્ધકાળમાં મઠ-વિહાર-પદ્ધતિના સંન્યાસને વધુ પ્રશ્રય મળ્યો. મોટા વિહારો કે મઠોમાં સેંકડો સાધુઓ રહે. સૌને ભોજનવસ્ત્રાદિ તથા આવાસ મળે. અધ્યયન કરવા ઇચ્છનારને અધ્યયનની સગવડ મળે. ધર્મ પ્રચાર માટે કાર્યકર્તા તૈયાર થાય, વગેરે વગેરે વ્યાવહારિકતા અને વાસ્તવિકતાને સાથે રાખીને થયેલી આ વ્યવસ્થા વધુ સફળ રહી. મઠ-આશ્રમ કે વિહાર હોય એટલે એનું સંચાલન કરવાની તથા આર્થિક જવાબદારીઓ પણ હોય. રાજા-મહારાજાઓ તથા શેઠશ્રીમંતોએ આપેલી જમીન-જાગીરો વગેરે દ્વારા નિભાવ થતો હોય. કોઇ સુયોગ્ય સાધુ મહંત થાય, ઉત્તરાધિકારીની પદ્ધતિ વિકસી અને આ રીતે મઠ-આશ્રમ વગેરેનું સંચાલન થાય.

પ્રાચીનકાળથી આ દેશની પ્રજા ધર્મ તરફ ખૂબ જ વળેલી છે, એટલે ધાર્મિક હેતુઓ માટે સંપત્તિનો ઢગલો બહુ સરળતાથી કરી શકાય છે. પ્રજામાં હજી સમાજ તથા રાષ્ટ્રલિક્ષતાનો જોઇએ તેવો વિકાસ થયો નથી. ન થવામાં નિવૃત્તિમાર્ગી ધર્મગુરુઓનો પ્રભાવ મુખ્ય કારણ છે. હજી પણ સમાજ તથા રાષ્ટ્રને સાંસારિક પ્રપંચ સમજનારા ગુરુઓની મોટી સંખ્યા છે.

હું સ્વયં એવા જ પ્રભાવમાં હતો. મઠો, આશ્રમો, મંદિરો વગેરેમાં હું ઊતરતો, રહેતો, જમતો, પણ અંદરથી આ બધાને ધિક્કારતો, કારણ કે મારા મસ્તિષ્કમાં ઊંડે સુધી વાત બેઠી હતી કે ‘કાંચનકામિનીના ત્યાગી જ કલ્યાણનો ભાગી થઇ શકે તથા કલ્યાણ કરાવી શકે.’ મને મોટા મોટા મઠાધિપતિઓ પ્રત્યે સૂગ હતી. જોકે તેમાં કેટલાક સાચા કારણો પણ હતા, પણ માનવસ્વભાવની દુર્બળતા ઊંચામાં ઊંચા માણસની સાથે પણ જડાયેલી રહેતી હોય છે, તેવી સમજણ ત્યારે મારામાં ન હતી. (ક્રમશઃ)

### કુદરત એટલી પણ ક્રૂર નથી કે ઉનાળામાં થોડી ઘણી પણ રાહત ન આપે !

# આભ ઝરે ભલે આગ હસી હસી ફૂલ ઝરે ગુલમહોર

શાળાકીય પરીક્ષાઓ અને યુનિવર્સિટીની પરીક્ષાઓ પૂરી થઈ રહી છે. કોઈ-કોઈ યુનિવર્સિટીમાં કોરોનાના કારણે અસ્તવ્યસ્ત થયેલા શિડ્યુલના પરિણામે મે મહિનામાં પણ કોલેજો ચાલુ રાખવાની નોબત આવી છે. વિદ્યાર્થીઓ વગર પાણીએ પરસેવે રેબઝેબ થઈ મે મહિનામાં પરીક્ષા આપશે એમ પણ મે મહિનો વર્ષમાં સૌથી વધુ ગરમ મહિનો ગણાય છે. અને મોટેભાગે મે મહિનામાં જ વેકેશન આવતું હોય છે. પરંતુ આ વર્ષે મે મહિનામાં શિક્ષણકાર્ય ચાલુ હોવાથી શિક્ષણ જગતમાં કચવાટ છે. એક તો પરીક્ષાની પીડા અને ઉપર જતા વૈશાખની કાળઝાળ ગરમી. જાયે તો જાયે કહાં ? જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. વૈશાખના ધોમધખતા તાપ સાથે ઉનાળો પૂરબહારમાં છે. રોજે રોજ તાપમાનના નવા રેકોર્ડ તોડતી ગરમીથી ક્યાંક યલો એલર્ટ, ક્યાંક ઓરેન્જ મોડમાં જીવવા ટેવાઈ જ ગયા છીએ !! આખા વર્ષની દાઝ એક સામટી કાઢી નાખવાની હોય તેમ સૂર્યનારાયણ તપી રહ્યા છે. હવે તો સૂરજ ધીમા તપો એવું કહી ઉઠીએ એટલી હદે ગરમી વધી રહી છે.ઉનાળો આકરો તો લાગવાનો જ. હાથના કર્યા હૈયે તો વાગવાનાં જ. વિકાસના નામે રસ્તાઓની બંને બાજુ ઊભેલા ઘટાદાર વૃક્ષોનો સોથ બોલાવી દીધો ત્યારે કદાચ કોઈએ એવું વિચાર્યું નહીં હોય કે આવા વિકાસની બહુ આકરી કિંમત ઉનાળામાં ચૂકવવી પડશે. ઘર આંગણે વૃક્ષો ઉગાડવાથી પડતા પાંદડાઓના કચરાથી અકળાતી ગૃહિણી એ ભૂલી જતી હોય છે કે આ જ વૃક્ષો તેના ઘરનું તાપમાન ૫ ડિગ્રી જેટલું ઘટાડી દેશે. મોટા વૃક્ષો ઘર આંગણે વાવીએ તો મકાનના પાયા નબળા પડી જાય તેવી ફિલસૂફી હાંકતા વિદ્વાનોને થપ્પડ મારી દઈએ એવી ગરમી મગજ પર ચડી જાય છે. ધોમધખતા તાપમાં લીમડાના ઝાડનો છાંયો મળે અને કાળજાને જે ટાઢક વળે તે જ વૃક્ષની સાચી કિંમત સમજાવે છે. પણ અવિચારી અને સ્વાર્થી માનવજાત જે ડાળ પર બેઠી છે તેને જ કાપી રહી છે. સુખી સંપન્ન પરિવારો એ.સી.ની ઠંડકમાં બપોર પસાર કરે છે પરંતુ સરવાળે તો પર્યાવરણને નુકસાન જ છે. એક સર્વે કરવામાં આવે તો મોટાભાગની ઓફિસો અને ઘરોમાં જે એ.સી. વસાવી શકે તેવા છે તેવા સંપન્ન લોકોની આ વાત છે, જે ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને ટાઢ, તડકો કે વરસાદ સરખો જ લાગે છે લોકો સતત એ.સીનો વપરાશ કરે છે તે એક ઘર કે ઓફિસમાં ૨૪ કલાક ચાલતુ એ.સી એક ઝાડને મૃતપ્રાય કરે છે. ઉનાળો રૂઆબ છાંટીને વસૂલાત કરવા આપતા પઠાણ જેવો લાગે છે. સવારથી જ સૂર્યદેવ આકરા થવાના સંકેતો આપતા અગનગોળા સાથે હાજર થઈ જાય છે. હવે તો બ્રાહ્મ મૂહૂર્તમાં પણ ઠંડકનો અહેસાસ થતો બંધ થઈ ગયો છે. ઉનાળાની સવાર એટલી ટૂંકી હોય છે કે જાણે તોફાન કરતું બાળક ક્યાંક સંતાઈ ગયું હોય એવી જ અનુભૂતિ થાય છે. રસ્તા પર કેવળ તડકાનો જ ટ્રાફિક જોવા મળે છે. ઘરના ફળિયાનો હિંચકો પણ બપોરના સમયે સાથી વિના સંગી વિના બિચારો થઈ જાય છે. બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી સ્વયંભૂ કરફ્યૂ લાગી ગયો હોય એમ રસ્તાઓ અને બજાર સૂમસામ ભાસે છે બારી બહારનું શહેર તો ઓળખાય નહીં એવું સુનમૂન થઈ ગયું હોય એવું લાગે છે. ઘરના બારી-બારણાને ખૂલવું છે પણ ‘લૂ’ તો ટાંપીને જ બેઠી છે. અંગ દઝાડે એવી ‘લૂ’ના પ્રકોપથી બચવા શક્ય એટલા ઘરેલુ નુસખાઓ અજમાવવામાં આવે છે. ટાઈલ્સ પર પાણી ઢોળી ભીના લથપથ પોતા કરી પંખો ચલાવી કામચલાઉ ફુવારા જેવી ઈફેક્ટ આપીએ છીએ. બારીઓ પર ખસની ટટ્ટીઓ લગાવી તેના પર પાણી છાંટી ઠંડક ઊભી કરવાના પ્રયત્નો કરીએ છીએ. ગામડાંઓમાં તો હજી પણ ઘટાદાર વૃક્ષોના છાંયે ખાટલા પાથરી બેસતા લોકો જોવા મળે છે. કુદરત એટલી પણ ક્રૂર નથી કે ઉનાળામાં થોડી ઘણી પણ રાહત ન આપે ! ઉનાળામાં વરદાનરૂપ હોય તો તે અમૃતફળ કેરી છે. દુનિયાના કોઈ પણ દેશમાં આવુ રસદાર અમૃતફળ નામે કેરી આપતું વૃક્ષ આંબો ઊગતો નથી. એના માટે તો ભારત જેવી આબોહવા જોઈએ જો કે જિનેટીક વિજ્ઞાનના કારણે હવે તો બધું જ શક્ય છે. પરંતુ ગીરની કેસર કેરીની મીઠાશ કે રત્નાગીરી હાફુસની સુગંધ ક્યાંથી લાવે ?

ઉનાળો સહન કરવા માટે જ ભગવાને કેરી જેવું અમૃતફળ બનાવ્યું હશે. આ વખતે તો નંગના ભાવે વેચાતી હાફુસ અને કેસર કેરીના ભાવ સાંભળીને મગજનો પારો ચડી જાય તેમ છે. કમોસમી વાવાઝોડા અને વરસાદના કારણે આંબાઓ પરના મોર ખરી જતા આ વખતે તો અમૃતફળ કેરી દુલર્ભ ફળ જેવી બની ગઈ છે. જો કે આમ જનતા માટે આમ યાને કેરી મોંઘી છે. પરંતુ કુદરતે તરબૂચ, રાયણ, ફાલસા, સકરટેટી અને ગુંદી જેવા રસદાર ફળોની વ્યવસ્થા કરી જ રાખી છે. એટલે જ કુદરત ક્રુર નથી એવું કહેવાનું મન થાય. ઉનાળાની ઋતુ ગુલમ્હોર અને ગરમાળા ખીલવાની ઋતુ છે.ગમે તેટલી આગ વરસે અમે તો ફૂલ ઝરીને હસવાનાં એવી અદ્ભૂત ફિલોસોફી આ બે વૃક્ષો પાસેથી શીખવા જેવી છે આજુબાજુની પીડાને ભૂલીને પોતાનામાં પૂરબહારમાં ખીલવાની કળા ગુલમ્હોર અને ગરમાળા પાસે છે. કેસરી-લાલ ફૂલોથી ઓપતો ગુલમ્હોર અને પીળા ઝૂમ્મરથી શોભતો ગરમાળો ધોમધખતા તાપમાં પણ આંખને ઠંડક આપે છે. ગુલમ્હોર અને ગરમાળા સિવાય સૂરજમુખીને પણ આ દિવસોમાં જલસો હોય છે.

**ધરતી જેટલી તપશે આકાશ એટલું જ અનરાધાર વરસશે જીવનમાં તડકી-છાંયડી તો આવતી જ રહેવાની.**



# સોનાક્ષી સિંહા, અનુરાગ કશ્યપ અને આદર્શ ગૌરવ એક સાથે તેલુગુ ડેબ્યુ કરશે

એક સમય હતો, જ્યારે સાઉથના કલાકારોની બોલિવૂડ ડેબ્યુ ફિલ્મની રાહ જોવાતી હતી. હવે આ પ્રવાહ ઉલટો વહેવાનો શરૂ થયો છે, હવે બોલિવૂડના કલાકારો સાઉથ તરફ પ્રયાણ કરવા લાગ્યા છે. આરઆરઆર, બાહુબલી, પુષ્પા જેવી બ્લોક બસ્ટર ફિલ્મની પૅન ઈન્ડિયા રિલીઝનો આ પ્રવાહમાં મહત્વનો ફાળો છે. હવે ઘણા જાણીતા બોલિવૂડ એક્ટર્સ ટૂંક સમયમાં સાઉથની ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરવા જઈ રહ્યાં છે, તેમાં પણ અનુરાગ કશ્યપે તો જાહેર કર્યું છે કે તે બોલિવૂડથી નિઃરાશ થઈને સાઉથ તરફ પ્રયાણ કરી રહ્યા છે. તે સિવાય સોનાક્ષી સિંહા અને આદર્શ ગૌરવ પણ તેલુગુ ફિલ્મમાં ડેબ્યુ કરવા જઈ રહ્યાં છે.

સોનાક્ષી સિંહાએ તાજેતરમાં જ જાહેરાત કરી છે કે તે સુધીર બાબુની હોરર થ્રિલર ફિલ્મ જટાધરાથી ડેબ્યુ કરશે. સોનાક્ષીએ આ ફિલ્મનો તેનો ફર્સ્ટ લૂક પણ જાહેર કર્યો હતો. આ ફિલ્મ વેંકટ કલ્યાણે ડિરેક્ટ કરી છે. ફિલ્મના મેકર્સે પણ જાહેર કર્યું હતું કે આ ફિલ્મમાં દંતકથા અને કેટલીક કાલ્પનિક શક્તિઓનું પણ મિશ્રણ હશે.

એક્ટર અને ફિલ્મ મેકર અનુરાગ કશ્યપે તાજેતરમાં જ બોલિવૂડ છોડીને સાઉથમાં જવાની જાહેરાત કરી હતી. હવે તે પણ તેલુગુ ફિલ્મમાં ડેબ્યુ કરશે, તે અદિવિ શેષની ફિલ્મમાં એક પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે. આ એક ડાકુની સ્ટોરી પર આધારીત ફિલ્મ છે. આ ફિલ્મ હિન્દી અને તેલુગુ બંનેમાં શૂટ થઈ રહી છે, તેમાં અદિવિ શેષ અને મૃણાલ ઠાકુર પણ જોવા મળશે. શએનિલ દેવ આ ફિલ્મ પ્રોડ્યુસ કરે છે અને તે આ વર્ષના અંતમાં રિલીઝ થશે.

ક્રિકેટર ડેવિડ વોર્નરનો તેલુગુ ગીતો માટેનો પ્રેમ તો જાણીતો છે, તેણે નિતિનની તેલુગુ ફિલ્મ રોબિનહૂડમાં કામ કર્યું હતું. આ ફિલ્મમાં તેની સાથે શ્રીલીલી પણ હતી. ઈમરાન હાશ્મી પણ પવન કલ્યાણ સાથે તેલુગુ ફિલ્મમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તે એક ઓમિ ભાઉ નામના ગેંગસ્ટરનો રોલ કરશે, જે સુજિથ દ્વારા ડિરેક્ટ થઈ છે. આ ફિલ્મ પહેલાં સપ્ટેમ્બર ૨૦૨૪માં રિલીઝ થવાની હતી પરંતુ હવે ડિલે થઈ છે. સુપર બોય્ઝ ઓફ માલેગાંવની સફળતા પછી હવે આદર્શ ગૌરવ પણ સાઉથની ફિલ્મમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તેણે ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે, જોકે હજુ આ ફિલ્મનું નામ જાહેર થયું નથી. તેણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેલુગુ તેની માતૃભાષા છે, તેથી તે ઘણા વખતથી કોઈ તેલુગુ ફિલ્મમાં કામ કરવા માગતો હતો. બસ કઈ રીતે શરૂઆત કરવી તે તેને ખબર નહોતી.

# સની દેઓલ હવે ફેમિલીમેનના રોલમાં જોવા મળશે, સની દેઓલની 'સફર' ઓટીટી પર રિલીઝ થશે



સની દેઓલ તેના એક્શન પેક્ડ રોલ અને એંગ્રી યંગમેન પ્રકારના રોલ માટે સૌથી વધુ લોકપ્રિય કલાકાર છે, ૨૦૨૩માં આવેલી તેની 'ગદ્દર ૨' એ આ વાત ફરી સાબિત કરી છે. તેની આવનારી ફિલ્મ 'જાટ' અને 'બોર્ડર ૨'માં પણ સની દેઓલ આ જ પ્રકારના રોલમાં જોવા મળશે. પરંતુ હવે એ પણ આ ઈમેજમાંથી બૉબી દેઓલની જેમ બહાર આવીને નવો પ્રયોગ કરવા માગતો હોય એવા અહેવાલો છે. હવે પછીની એક 'સફર' નામની ફિલ્મમાં સની દેઓલ એક મધ્યમ ઉંમરના ફેમિલીમેનના રોલમાં જોવા મળશે. પરંતુ આ અહેવાલો અનુસાર આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થશે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, "આ ફિલ્મમાં કોઈ જ એક્શન સીન નથી. એક મધ્યમ ઉંમરના પારિવારિક વ્યક્તિ પર આ ફિલ્મ આધારીત છે. જે અનુભવે છે કે માત્ર બીજાને મદદ કરવાથી જ જીવનમાં ખુશી મળી શકે છે અને તે આ રીતે જીવનનો ખરો અર્થ સમજે છે." સૂત્રએ એવું પણ કહ્યું કે જ્યારે મેકર્સ આ રોલ માટે સનીને મળ્યા ત્યારે સનીને આ રોલ બહુ ગમ્યો હતો અને તેણે તરત જ સહમતિ આપી દીધી હતી. એક પરિવારની ભાવનાત્મક વાર્તા હોવાથી અને નાની વાત હોવાથી આ ફિલ્મ સીધી ઓટીટી પર જ રિલીઝ કરવામાં આવશે. મેકર્સને લાગે છે કે આ પ્રકારના વિષય પરની ફિલ્મ ડિજીટલ પ્લેટફર્મ પર વધુ સારી ચાલે છે.

સૂત્રએ વધુમાં એવું પણ કહ્યું હતું કે જૂન સુધીમાં નક્કી થઈ જશે કે કયા ઓટીટી પ્લેટફર્મ પર આ ફિલ્મ રિલીઝ થશે. ૨૦૨૫ના અંત સુધીમાં આ ફિલ્મ રિલીઝ કરવાનું આયોજન છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૪માં જ પૂરું થઈ ગયું છે અને સની દેઓલ સાથે તેમાં સિમરન બગ્ગા અને દર્શન જરીવાલા પણ છે. શશાંક ઉદાપુરકર દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે અને વિશાલ રાણાએ પ્રોડ્યુસ કરી છે. મહત્વની વાત એ છે કે સલમાન ખાન આ ફિલ્મમાં એક કેમિઓ કરતો જોવા મળશે. જે ફિલ્મમાં એક મહત્વના પડાવ પર આવશે અને મુખ્ય પાત્રને નવો વળાંક આપવામાં મદદ કરશે. સની દેઓલ સાથે કામ કરવા માટે સલમાન ખાન પણ ઘણો ઉત્સાહીત હતો.

# રસ્તા પર જામફળ વેચી રહેલી મહિલાના સ્વાભિમાનની પ્રશંસક બની પ્રિયંકા ચોપરા



પ્રિયંકાએ મહિલાને રૂ.૫૦ વધારે આપ્યા અને પરત લેવાની ના પાડી તો મહિલા દોડીને બીજા જામફળ લઈ આવી અને પરાણે આપ્યાં

દેશ અને દુનિયામાં કરોડો ચાહકો ધરાવનારી પ્રિયંકા ચોપરા એક સામાન્ય મહિલાના સ્વાભિમાનની પ્રશંસક બની છે. પ્રિયંકાએ સોશિયલ મીડિયા પર વિશાખાપટ્ટનમમાં રસ્તા પર જામફળ વેચતી મહિલા સાથેનો અનુભવ શેર કર્યોછે. સ્વનિર્ભર મહિલાના સ્વાભિમાનની પ્રશંસા કરતાં પ્રિયંકાએ જણાવ્યું હતું કે, કામ કરતી મહિલાને કોઈની દયા કે દાનની જરૂર નથી. રોડ પર જામફળ વેચીને ગુજરાન ચલાવતી સામાન્ય મહિલાના કારણે બુધવારનો દિવસ પ્રિયંકા માટે યાદગાર રહ્યો હતો. પ્રિયંકાએ શેર કરેલો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. પ્રિયંકાએ આ વીડિયોમાં જણાવ્યું છે કે, આવું હું ક્યારેક જ કરું છું, પણ આજનો દિવસ ખૂબ પ્રેરણાદાયી રહ્યો છે. હું કારમાં વિશાખાપટ્ટનમ એરપોર્ટ જઈ રહી હતી અને ત્યાંથી મુંબઈની ફ્લાઈટ હતી. રસ્તામાં જામફળ વેચતી એક મહિલાને જોઈ હતી. પ્રિયંકાએ વધુમાં કહ્યું હતું કે, મને કાચા જામફળ ખૂબ ભાવે છે. તેથી કાર રોકાવી હતી અને મહિલાને જામફળની કિંમત પૂછી હતી. તેણે રૂ.૧૫૦ કહ્યા હતા અને મેં તેને રૂ.૨૦૦ આપી જામફળ ખરીદ્યા હતા. મહિલાએ બાકીના રૂ.૫૦ પરત આપવા પ્રયાસ કર્યો હતો, પરંતુ મેં તેને રૂ.૫૦ રાખી લેવા કહ્યુ હતું. મહિલા જામફળ વેચીને ગુજરાન ચલાવી રહી છે. તે થોડીક દૂર ગઈ અને ટ્રાફિકનું રેડ સિગ્નલ ગ્રીન થાય તે પહેલાં દોડીને પાછી આવી. તેણે મને બે જામફળ ફરી આપ્યા હતા. કામ કરતી મહિલાને કોઈનું દાન ખપતું નથી. તેનું આ સ્વાભિમાન મને સ્પર્શી ગયું. પ્રિયંકાએ ફિલ્મના સેટ પરના ફોટોગ્રાફ શેર કરવાની સાથે જામફળના ફોટોગ્રાફ પણ શેર કર્યા હતા. પ્રિયંકા હાલ રાજામૌલિની ફિલ્મનું શૂટિંગ કરી રહી છે. જીજીસ્મ૨૯ તરીકે ઓળખાતી આ ફિલ્મમાં મહેશ બાબુ પણ લીડ રોલમાં છે. ફિલ્મમાં મહેશબાબુનું કેરેક્ટર ભગવાન હનુમાનથી પ્રેરિત હોવાનું કહેવાય છે. આ મહત્ત્વકાંક્ષી ફિલ્મ બે ભાગમાં બની રહી હોવાનું કહેવાય છે અને તેનું કુલ બજેટ રૂ.૧૦૦૦ કરોડનું કહેવાય છે. પ્રિયંકા આ ફિલ્મ સાથે તેલુગુ સિનેમામાં પાછી ફરી છે. ૨૩ વર્ષ અગાઉ તેણે રોમેન્ટિક ફિલ્મ અપુરુપમ કરી હતી. તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં પુનરાગમનની સાથે પ્રિયંકાને એક યાદગાર અનુભવ પણ મળ્યો છે.

# દિકરી આશીના એક્ટિંગ પ્રોજેક્ટથી પિતા પંકજ ત્રિપાઠી ભાવુક થયા



અબ્રાહમ અલી ખાન પછી હવે વધુ એક સ્ટારકિડે બોલિવૂડમાં એન્ટ્રી કરી છે. પ્રતિભાશાળી અભિનેતા પંકજ ત્રિપાઠીની દિકરી આશી ત્રિપાઠીએ મ્યુઝિક વીડિયો 'રંગ ડારો'ખી ડેબ્યુ કર્યું છે, આ ગીત મૈનક ભટ્ટાચાર્ય અને સંજના રામનારાયણન દ્વારા ગાવામાં આવ્યું છે તેમજ અભિનવ કૌશિક દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે. આ મ્યુઝિક વીડિયોમાં આશી સાઉથ ઈન્ડિયન ટ્રેડિશનલ ગોલ્ડન બોર્ડરવાળી સફેદ સાડીમાં દેખાય છે. મોટા ભાગના વીડિયોમાં આશીના ક્લોઝ અપ શોટ્સ દેખાય છે, જેમાં તે ઘણી આત્મવિશ્વાસુ દેખાય છે સાથે જ તે નમણી પણ દેખાય છે. જાર પિક્ચર્સના આ વીડિયોમાં આશી એક એવું પાત્ર ભજવે છે, જે પેઈન્ટર માટે મુઝનું કામ કરે છે, તેના પર એક રંગબેરંગી ચિત્ર તૈયાર થાય છે. આશી ત્રિપાઠી હાલ મુંબઈની એક કોલેજમાં અભ્યાસ કરે છે અને તે એક્ટર બનવા માગે છે. જ્યારે મ્યુઝિક કમ્પોઝર અભિનવ કૌશિકે આશીને આ વીડિયોમાં લેવા માટે પંકજ ત્રિપાઠીના પત્ની મૃદુલા ત્રિપાઠીનો સંપર્ક કર્યો તો તેમણે પહેલાં પંકજ ત્રિપાઠી સાથે આ અંગે ચર્ચા કરી. તેમણે આ નિર્ણય માટે ખુલીને સહમતિ દર્શાવી હતી. દિકરીના ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ અંગે પંકજ ત્રિપાઠીએ શેર કર્યું હતું, "અમારા બંને માટે આશીને પડદા પર જોવીએ એક ભાવુક અને ગૌરવપૂર્ણ ક્ષણ હતી. તેને હંમેશા પર્ફોર્મિંગ આર્ટ્સમાં રસ રહ્યો છે ત્યારે તેને આ પહેલાં જ વીડિયોમાં આ રીતે સહજ ભાવો સાથે એક્ટિંગ કરતી જોવી એ બિલકુલ ખાસ હતું. જો આ એનું પહેલું કદમ હોય તો, હું તેની સફર આગળ વધતી જોવા આતુર છું."આ અંગે મૃદુલા ત્રિપાઠીએ કહ્યું, "જ્યારે આ તક મળી, ત્યારે મારે એટલું જ ધ્યાન રાખવું હતું કે આશી કોઈ એવું કામ કરે જે એ તેની કલા પ્રત્યેની સમજ દર્શાવે એવું હોય. રંગ ડારો એ એક આવું જ ગીત છે. તેમાં તેને ગીતના ભાવને વાસ્તવિક રીતે રજૂ કરતી જોવી એ મારા માટે ઘણી સંતોષકારક બાબત રહી. અમે તેને ઈન્ડસ્ટ્રીમાં પોતાનો રસ્તો બનાવતી જોવા આતુર છીએ."

# શ્રીલીલા માટે ૨૦૨૫નું વર્ષ હાઇ પ્રોફાઈલ ફિલ્મથી ભરચક

શ્રીલીલાની કારકિર્દી માટે ૨૦૨૫નું વર્ષ નોંધપાત્ર રહેવાનું છે. એક તરફ તે કાર્તિક આર્યન સાથે બોલિવૂડમાં ડેબ્યુ કરશે, સાથે જ તે તમિલ ઈન્ડસ્ટ્રીમાં પણ ડેબ્યુ કરી રહી છે. તે ઉપરાંત તે લોકપ્રિય પ્રોડક્શન હાઉસ મેડોકની ફિલ્મમાં પણ કામ કરવા જઈ રહી છે. શ્રીલીલાએ પોતાને ઈન્ડિયાની એક રાઈઝિંગ સ્ટાર તરીકે પ્રસ્થાપિત કરી દીધી છે. ખાસ તો તેના સહજ અભિનય અને ડાન્સથી તેને ઘણી લોકપ્રિયતા મળી છે.

સાઉથની ફિલ્મ્સમાં લોકપ્રિયતા મેળવ્યા પછી તે હવે ૨૦૨૫માં સતત વ્યસ્ત રહેવાની છે, તેની પાસે હાલ કેટલાંક હાઈપ્રોફાઈલ પ્રોજેક્ટ છે. 'પુષ્પા ૨'માં કિસિક ગીતની લોકપ્રિયતા બાદ શ્રીલીલા લોકપ્રિયતા વધી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર શ્રીલીલાનું ૨૦૨૫નું શીડ્યુલ સતત વ્યસ્ત રહેવાનું છે. તે આ વર્ષે તમિલ અને હિન્દી ફિલ્મમાં ડેબ્યુ કરવાની છે. સાથે તે મેડોકની એક ફિલ્મમાં ઈબ્રાહિમ અલી ખાન સાથે કામ કરતી હોવાની પણ ચર્ચા છે. આ રીતે ૨૦૨૫નું વર્ષ શ્રીલીલા માટે મહત્વનું વર્ષ સાબિત થવાનું છે. તે વિવિધ પ્રકારની ફિલ્મમાં કામ કરીને પાન ઈન્ડિયા એક્ટ્રેસ તરીકે ઊભરી રહી છે.



# કિર્તી સુરેશ હિન્દી રોમકોમ તેમજ 'અક્કા'માં જોવા મળશે

કિર્તી સુરેશે તાજેતરમાં જ અટલીની ફિલ્મ 'બેબી જોન્હ'થી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું છે. આ સફળ શરૂઆત બાદ તે હવે તે કેટલીક વધારે ફિલ્મમાં કામ કરીને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન બનાવવા પ્રયત્ન કરી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર તે હવે એક હિન્દી રોમકોમમાં જોવા મળશે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર કિર્તીસાથે કામ કરવા ફિલ્મ મેકર્સ આતુર છે કારણ કે તે એક એવી એક્ટ્રેસ છે જે વિવિધ પ્રકારના રોલમાં બંધ બેસી શકે છે. તેની આગામી ફિલ્મમાં તે એક નવા અને તરોતાજા અવતારમાં જોવા મળશે. આ એક મજાનું, બિન્દાસ્ત અને હસમુખ પાત્ર હશે. કિર્તી માટે કે બોલિવૂડ માટે રોમકોમ એ કોઈ નવો વિષય નથી. આ પહેલાં કિર્તી સાઉથની ઈન્ડસ્ટ્રીમાં 'નેનુ સૈલજા



(૨૦૧૬)', 'નેનુ લોકલ(૨૦૧૭)', 'થાના સેર્નધા કોટ્ટમ(૨૦૧૮)' તેમજ 'રંગ દે(૨૦૨૦)'માં કામ કરી ચૂકી છે. કિર્તી રોમકોમમાં કામ કરવાની છે, તે ઉપરાંત આ ફિલ્મની વાર્તા, નામ, તેના અન્ય પાત્રો વિશેની દરેક પ્રકારની માહિતી મેકર્સ છૂપી રાખવા માગે છે. આ ઉપરાંત તે 'અક્કા'માં પણ કામ કરી રહી છે, જેમાં તાની સાથે રાધિકા આપ્ટે, તન્વી બાઝમી અને દિપ્તી સાલ્વી પણ છે.આ એક રિવેન્જ થ્રિલર છે. જે એક દક્ષિણ ભારતના પેરનુરુ નામના કાલ્પનિક શહેરમાં આકાર લે છે. આ ફિલ્મમાં એક ગેંગસ્ટરની વાર્તા છે, જેમાં માતૃસત્તાની તાકાત સામે આંતરરાષ્ટ્રિય સ્તરના પડકારો આવે છે. આ ફિલ્મનું ટીઝર લોંચ થઈ ચૂક્યું છે, જેમાં ઓલ ફિમેલ ગેંગ લોકોને ડરાવશે અને મજા પણ કરાવશે.

# મહિલા ગાયકોને હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ખાસ પૈસા મળતા નથી



જાણીતી બોલિવૂડ સિંગર જોનિતા ગાંધીએ સોમવારે એક 'આસ્ક મી એનિથિંગ' સેશન કર્યું હતું, જેમાં તેના ફેન્સ તેને કોઈ પણ સવાલ પૂછી શકે છે અને જોનિતાએ તેના જવાબો આપ્યા હતા. તેમાં જોનિતાએ ઈડ શરાન અને ડુઆ લિપાના શો માટે ઓપનિંગ કર્યું, તેની પણ વાત કરી હતી.

જોનિતાએ કહ્યું, "મેં ચેન્નઈમાં ઇડ શરાનના શો પહેલાં પર્ફોર્મ કર્યું એ મારો સૌથી યાદગાર અનુભવ હતો. મને ચેન્નઈના ઓડિયન્સ પ્રત્યે અપાર પ્રેમ છે. મને મારા ઓરીજીનલ ગીતો રજૂ કરવામાં બહુ મજા આવી અને સાથે કેટલાંક તમિલ હિટ સોંગ પણ ગાયાં હતાં, તેમાં પણ બૅકસ્ટેજમાં ઇડ સાથે જે સમય પસાર કરવા મળ્યો તે તો ક્યારેય ભુલી શકાશે નહી."જ્યારે ડુઆ લિપા સાથેના અનુભવ વિશે વાત કરતા જોનિતાએ કહ્યું, "તેને મળવાની પણ બહુ મજા પડી. મને પહેલાં લાગતું હતું કે એ બહુ ગોર્જિયસ છે. તેને પણ મજા પડી હતી અને ખાસ તો મેં તેને કેટલાંક ઝુમખા ગિફ્ટમાં આપ્યાં એનાથી એ બહુ ખુશ થઈ ગઈ હતી." જોનિતાએ ૨૦૨૪માં લિપા સાથે કામ કર્યું હતું. આ સાથે તેણે કેટલાંક ભારતીય કલાકારોના નામનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેની સાથે તેને મજા આવે છે. જેમકે, અલિ સેઠી, અરિજિત સિંઘ અને ડિવાઈન. તેને શ્રેયા ઘોષાલ સાથે કામ કરવાની ઈચ્છા છે. તેણે પોતાનું પહેલું ગીત શાહરુખની ચેન્નઈ એક્સપ્રેસમાં ગાયું હતું. જ્યારે બોલિવૂડમાં મહિલા કલાકારોની સ્થિતિ અંગે જોનિતાએ કહ્યું, "અમારું કામ ગાવાનું છે પણ તમે પણ દેશના મહિલા ગાયકોને સહકાર આપો અને ખાસ જે ગીતો મહિલા કલાકારોએ ગાયા છે, તેને ખાસ સહકાર આપો, એ તમારા પર આધાર રાખે છે કે તમે એ ગીતોને પણ પુરુષ ગાયકો દ્વારા ગવાયેલા ગીત જેટલાં જ સફળ બનાવો, કારણ કે આ ઈન્ડસ્ટ્રીમાં મહિલા ગાયકોને ખાસ પૈસા મળતા નથી."

# ઈરફાન પઠાણની IPL કોમેન્ટ્રી પેનલમાંથી કેમ હકાલપટ્ટી થઇ?

ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી ઈરફાન પઠાણ કોમેન્ટ્રીમાં સતત એક્ટિવ જોવા મળ્યો છે. તે આંતરરાષ્ટ્રીય મેચ તેમજ IPLમાં પણ ઘણી વખત કોમેન્ટ્રી કરતો જોવા મળ્યો હતો. જોકે આ વખતે જ્યારે IPL માટે કોમેન્ટેટર્સની યાદી બહાર પાડવામાં આવી ત્યારે તેમાં ઈરફાન પઠાણનું નામ ગાયબ હતું. આ અંગે એક મોટો ખુલાસો થયો છે.




સૂત્રોએ જણાવ્યું હતું કે ઈરફાન પઠાણને કેટલાક ભારતીય ખેલાડીઓ વિરુદ્ધ સતત ટિપ્પણી કરવાને કારણે દંડિત કરવામાં આવ્યો છે. ઘણા ખેલાડીઓએ ફરિયાદ કરી હતી કે ઈરફાન જાણી જોઈને તેમના વિશે વ્યક્તિગત ટિપ્પણીઓ કરી રહ્યો છે. છેલ્લા ૨ વર્ષથી એવું થઈ રહ્યું છે કે જાણે પઠાણ કેટલાક ખેલાડીઓ સામે વ્યક્તિગત એજન્ડા ચલાવી રહ્યો હોય. ઘણા ક્રિકેટરોને આ ગમ્યું નહી.રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઓસ્ટ્રેલિયાની શ્રેણી દરમિયાન એક સ્ટાર ખેલાડીએ પોતાના વિશે જે રીતે વાત થઈ રહી હતી તે સાંભળીને ઈરફાન પઠાણનો નંબર પણ બ્લોક કરી દીધો હતો. એક સૂત્રએ જણાવ્યું હતું કે પઠાણે છેલ્લા આંતરરાષ્ટ્રીય અને IPL મેચો દરમિયાન કેટલાક ખેલાડીઓના ઈન્ટરવ્યુ લેતી વખતે ઘણું ઉદ્ધત વલણ દર્શાવ્યું હતું અને BCCI ને આ ગમ્યું ન હતું.

સૂત્રોએ ખુલાસો કર્યો હતો કે જો ઈરફાને આમ ન કર્યું હોત, તો તેનું નામ ચોક્કસપણે કોમેન્ટેટરની યાદીમાં સામેલ થયું હોત. છેલ્લા બે વર્ષથી આવું થઈ રહ્યું છે કારણ કે તે કેટલાક ખેલાડીઓ સામે પોતાનો અંગત એજન્ડા આગળ ધપાવી રહ્યો હતો અને અધિકારીઓને આ ગમ્યું નહીં. ઉલ્લેખનીય છે કે ઈરફાન પઠાણ અગાઉ પણ ઘણા દિગ્ગજો સાથે આવી ઘટના બની છે જેમાં સંજય માંજરેકર અને હર્ષા ભોગલેના નામ પણ સામેલ છે. ૨૦૨૦ માં દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી પહેલા માંજરેકરને કોમેન્ટ્રી પેનલમાંથી હટાવી દેવાયો હતો. જ્યારે IPL ૨૦૧૬ પહેલા હર્ષા ભોગલે સાથે પણ આવું જ બન્યું હતું. ભોગલેને કોઈ પણ સમજૂતી વિના કોમેન્ટ્રી રોસ્ટરમાંથી દૂર કરવામાં આવ્યા હતા.

# માત્ર ૦.૧૨ સેકન્ડમાં ધોનીનું સ્ટમ્પિંગ



IPL-૧૮માં રવિવારે રમાયેલી બીજી મેચમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ એ મુંબઈ ઈન્ડિયન્સ ને ૪ વિકેટથી હરાવ્યું. ચેપોક સ્ટેડિયમમાં રૈંએ CSK માટે ૧૫૬ રનનો ટાર્ગેટ રાખ્યો. જવાબમાં ચેન્નાઈએ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ અને રચિન રવિન્દ્રની અડધી સદીની મદદથી ૬ વિકેટે ૧૫૮ રન બનાવીને વિજય મેળવ્યો.

મેચ દરમિયાન ઘણી રસપ્રદ મોમેન્ટ્સ અને રેકોર્ડ જોવા મળ્યા. આઉટ થયા પછી રાયન રિકેલ્ટન પોતાના બેટથી સ્ટમ્પ્સને ફટકાર્યું. એમએસ ધોનીએ ૦.૧૨ સેકન્ડમાં સૂર્યાને સ્ટમ્પ આઉટ કર્યો. રોહિત IPLમાં ૧૮મી વખત શૂન્ય રને આઉટ થયો. તે બીજા ક્રમે સૌથી વધુ મેચ રમનાર ખેલાડી પણ બન્યો.

મેચ પહેલા તેલુગુ ગાયક અનિરુદ્ધ રવિચંદરે પરફોર્મ કર્યું. અનિરુદ્ધ રજનીકાંતનો ભત્રીજો છે. તેમણે ત્રણ ફિલ્મફેર એવોર્ડ જીત્યા છે.

મુંબઈ તરફથી રોહિત શર્મા ખાતું ખોલાવ્યા વિના પેવેલિયન પરત ફર્યો. ખલીલ અહેમદની પહેલી ઓવરના ચોથા બોલ પર મિડ-વિકેટ પર શિવમ દુબેના હાથે તેનો કેચ આઉટ થયો.

મુંબઈ ઈન્ડિયન્સે ત્રીજી ઓવરમાં પોતાની બીજી વિકેટ ગુમાવી દીધી. ઓવરના બીજા બોલ પર ખલીલ અહેમદે રાયન રિકેલ્ટનને બોલ્ડ આઉટ કર્યો. આઉટ થયા પછી, રિકેલ્ટને ગુસ્સામાં પોતાના બેટથી સ્ટમ્પ પર માર્યો.

૩૫૯૦ દિવસ પછી ચેન્નાઈ પરત ફરતા રવિચંદ્રન અશ્વિને પોતાની પહેલી ઓવરમાં જ વિકેટ લીધી. તેણે ઈનિંગની પાંચમી ઓવરમાં વિલ જેક્સને કેચ આઉટ કરાવ્યો. અશ્વિને ચોથો બોલ ગુડ લેન્થ બોલ પર ફેંક્યો. જેક્સે મિડ-ઓફ પર મોટો શોટ માર્યો પણ શિવમ દુબેના હાથે કેચ આઉટ થયો. જેક્સે ૭ બોલમાં ૧૧ રન બનાવ્યા.

૧૧મી ઓવરમાં નૂર અહેમદે સૂર્યકુમાર યાદવને આઉટ કર્યો. તેને વિકેટ પાછળ એમએસ ધોનીએ સ્ટમ્પ આઉટ કર્યો. મુંબઈના કેપ્ટન સૂર્યકુમાર યાદવ આગળ આવીને મોટો શોટ રમવા માંગતા હતા, પરંતુ ચૂકી ગયા. અહી ધોનીએ ઝડપી સ્ટમ્પિંગ કર્યું.૧૮મી ઓવરના છેલ્લા બોલ પર મુંબઈએ પોતાની ૮મી વિકેટ ગુમાવી દીધી. નાથન એલિસનો શોર્ટ ઓફ લેન્થ બોલ મિશેલ સેન્ટનરના પેડ પર વાગ્યો. ચેન્નાઈની ટીમે અપીલ કરી અને અમ્પાયરે નોટ આઉટ આપ્યો. કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે એમએસ ધોનીની સલાહ પર રિવ્યૂ લીધો. ડીઆરએસમાં જોવા મળ્યું કે સેન્ટનર આઉટ હતો.

# આજે IPLમાં દિલ્હી ફ્જ લખનઉ:LSGએ પાંચમાંથી 3 મેચ જીતી, વિશાખાપટ્ટનમમાં પહેલી વાર DC સામે ટકરાશે

ઈન્ડિયન પ્રીમિયર લીગની આ સીઝનની ચોથી મેચમાં આજે દિલ્હી કેપિટલ્સ લખનઉ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે. આ મેચ દિલ્હીના બીજા હોમ ગ્રાઉન્ડ ડૉ. વાયએસ રાજશેખર રેડ્ડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સાંજે ૭:૩૦ વાગ્યે રમાશે. અહીં બંને ટીમ પહેલી વાર એકબીજાનો સામનો કરશે.

આજે, બે ટીમના ભૂતપૂર્વ કેપ્ટન પોતાની જૂની ટીમ સામે ટકરાઈ શકે છે. ગયા વર્ષે રિષભ પંત દિલ્હીનો કેપ્ટન હતો અને કેએલ રાહુલ લખનઉનો કેપ્ટન હતો. પંતને મેગા ઓક્શનમાં લખનઉએ ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, જેનાથી તે ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બન્યો હતો. જ્યારે, દિલ્હીએ રાહુલને ૧૪ કરોડ રૂપિયામાં ટીમમાં સામેલ કર્યો હતો.

લખનઉ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે IPLમાં અત્યાર સુધીમાં ૫ મેચ રમાઈ છે. લખનઉએ ૩ મેચ જીતી અને દિલ્હીએ ૨ મેચ જીતી. બંને ટીમ પ્રથમ વખત વિશાખાપટ્ટનમમાં ટકરાશે. બંને ટીમ પોતાની પહેલી IPL ટ્રોફીની રાહ જોઈ રહી છે.

દિલ્હીના સ્ટાર્ક અને મુકેશ કુમાર નવા બોલ સાથે ઉત્તમ છે, જ્યારે નટરાજન અને મોહિત શર્મા ડેથ ઓવરોમાં ઉત્તમ છે. ટીમ મિડલ ઓવરો માટે કુલદીપ અને અક્ષરનો ઉપયોગ કરીને વિરોધી ટીમને ઓછા સ્કોર સુધી મર્યાદિત રાખવાની રણનીતિ અપનાવશે. બેટર્સ પણ વિસ્ફોટક છે, તેથી ટીમ એટેકિંગ ગેમ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

નિકોલસ પૂરન, ડેવિડ મિલર, શાહબાઝ અને સમદ ફિનિશિંગને મજબૂત બનાવી રહ્યા છે. પંત IPLમાં ઝડપી રમે છે, જે મિડલ ઓર્ડરને પણ મજબૂત બનાવશે.




વિકેટકીપર બેટર કેએલ રાહુલ દિલ્હી કેપિટલ્સ માટે પ્રથમ બે મેચમાંથી બહાર થઈ શકે છે. આ માહિતી તાજેતરમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમી રહેલા મિચેલ સ્ટાર્કની પત્ની અને ઓસ્ટ્રેલિયન ક્રિકેટર એલિસા હીલીએ આપી હતી. તેણે જણાવ્યું કે, કેએલ રાહુલની પત્ની આથિયા શેટ્ટી માતા બનવા જઈ રહી છે. આ કારણે, તે લીગની પહેલી બે મેચમાંથી બહાર રહી શકે છે.

વિશાખાપટ્ટનમની પિચ બેટિંગ માટે અનુકૂળ માનવામાં આવે છે. વિશાખાપટ્ટનમમાં અત્યાર સુધીમાં ૧૫ IPL મેચ રમાઈ ચૂકી છે. આમાં, પ્રથમ બેટિંગ કરનારી ટીમ ૮ મેચમાં જીતી અને બીજા દાવમાં બેટિંગ કરનારી ટીમ ૭ મેચમાં જીતી છે. અહીંનો સૌથી વધુ ટીમ સ્કોર ૨૭૨/૭ છે, જે કોલકાતા નાઈટ રાઈડર્સે ગયા સીઝનમાં દિલ્હી કેપિટલ્સ સામે બનાવ્યો હતો.

સોમવારે વિશાખાપટ્ટનમમાં હવામાન થોડું ખરાબ રહેશે. વરસાદની શક્યતા ૬૧% છે. બપોરે તડકો રહેશે પણ વરસાદની પણ શક્યતા છે. અહીં તાપમાન ૨૬ થી ૩૧ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે. પવનની ગતિ ૧૩ કિલોમીટર પ્રતિ કલાક રહેશે.

# ચેન્નાઈની શાનદાર જીત

## ઋતુરાજ ગાયકવાડ-રચિન રવિન્દ્રએ ફટકારી અડધી સદી



ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૪ વિકેટે હરાવ્યું છે. ચેપોક સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં, MI ટીમે પ્રથમ બેટિંગ કરીને ૧૫૫ રન બનાવ્યા. જવાબમાં ચેન્નાઈએ ૫ બોલ બાકી રહેતા લક્ષ્ય હાંસલ કરી લીધું. ચેન્નાઈ માટે રચિન રવિન્દ્ર મેચ વિનર રહ્યો કારણ કે તેને અણનમ ૬૫ રન બનાવ્યા. ચેન્નાઈ માટે કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે પણ તોફાની રીતે ૫૩ રન બનાવ્યા.ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રચિન રવિન્દ્ર રીયલ મેચ વિનર હતો. તેને રાહુલ ત્રિપાઠી સાથે ઈનિંગની શરૂઆત કરી, જે ફક્ત ૨ રન બનાવીને આઉટ થયો. ત્યારબાદ, રવિન્દ્રએ ઋતુરાજ ગાયકવાડ સાથે મળીને ૬૭ રનની ખૂબ જ મહત્વપૂર્ણ પાર્ટનરશિપ કરી. ગાયકવાડે ૨૬ બોલમાં ૫૩ રનની તોફાની ઈનિંગ રમી. દીપક હુડ્ડા, સેમ કરન અને રવિન્દ્ર જાડેજા પણ આવ્યા અને પેવેલિયન પાછા ફર્યા, પરંતુ રવિન્દ્ર એક છેડે મક્કમ રહ્યો. તેને જ એક શક્તિશાળી સિક્સર ફટકારીને CSKનો ૪ વિકેટથી વિજય સુનિશ્ચિત કર્યો હતો.ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી ખલીલ અહેમદે ૩ વિકેટ લીધી. પરંતુ સ્પિનરોએ આખી મેચ દરમિયાન પોતાનું જાળું ગુથ્યું. પહેલા, ચેન્નાઈના નૂર અહેમદે જોરદાર ધૂમ મચાવી, ૪ ઓવરમાં માત્ર ૧૮ રન આપીને ૪ વિકેટ લીધી. અહેમદે સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા, રોબિન મિંજ અને નમન ધીરને પણ આઉટ કર્યા. ચેન્નાઈ તરફથી રવિચંદ્રન અશ્વિને પણ એક વિકેટ લીધી.બીજી બાજુ, જો આપણે મુંબઈ ઈન્ડિયન્સની વાત કરીએ, તો ડેબ્યૂ કરનાર ચાઈનામેન બોલર વિગ્નેશ પુથુરે ઘણી બધી ચર્ચા બનાવી. પોતાની પહેલી જૈન્મેચમાં, તેને ૪ ઓવરમાં ૩૨ રન આપીને ૩ વિકેટ લીધી. તેના માટે સૌથી મોટી વિકેટ CSKના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડની હતી. તમને જણાવી દઈએ કે છેલ્લા ૭ મેચમાં ચેન્નાઈનો MI પર છઠ્ઠો વિજય છે.

# IPL ઈતિહાસનો સૌથી મોંઘો સ્પેલ, જોફ્રા આર્ચરના નામે એક શરમજનક રેકોર્ડ



રાજસ્થાન રોયલ્સના બોલર જોફ્રા આર્ચરના નામે એક શરમજનક રેકોર્ડ નોંધાયો છે. તે IPLના ઈતિહાસમાં સૌથી મોંઘો સ્પેલ ફેંકનાર બોલર બની ગયો છે. તેને સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચમાં ૪ ઓવરમાં ૭૬ રન આપ્યા.

આ મામલે તેને ભારતીય બોલર મોહિત શર્માને પાછળ છોડી દીધો છે. IPL ૨૦૨૪ માં ગુજરાત ટાઈટન્સ તરફથી રમતા મોહિતે દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં ૭૩ રન આપ્યા હતા.

આર્ચર માટે તે ખૂબ જ ખરાબ દિવસ હતો. તેને ઈનિંગની ૫મી ઓવરમાં પોતાનો સ્પેલ શરૂ કર્યો. જ્યારે પોતાની ઘાતક બોલિંગ માટે પ્રખ્યાત જોફ્રા આર્ચરે પહેલી ઓવરમાં ૨૩ રન આપ્યા, ત્યારે બધા ચોંકી ગયા. કેપ્ટન રિયાન પરાગ તેને ૧૧મી ઓવરમાં ફરીથી બોલમાં લાવ્યો જેમાં તેને ૧૨ રન આપ્યા. આર્ચરે ૨ ઓવરમાં ૩૫ રન આપ્યા હતા.જ્યારે ત્રીજી ઓવર આવી ત્યારે ઈશાન કિશન અદ્ભુત શોટ ફટકારી રહ્યો હતો. આર્ચરે પોતાના સ્પેલની ત્રીજી ઓવરમાં ૨૨ રન આપ્યા. તેને બોલિંગમાં માત્ર ૩ ઓવરમાં અડધી સદી ફટકારી હતી. આર્ચર પોતાના ટૂંકા રન-અપ અને ઝડપી ગતિથી બોલિંગ કરે છે. તેને પોતાના સ્પેલની છેલ્લી ઓવરમાં ૨૩ રન પણ આપ્યા. આમ આર્ચરે તેના ૪ ઓવરના સ્પેલમાં ૭૬ રન આપ્યા.જોફ્રા આર્ચર એક સ્પેલમાં સૌથી વધુ રન આપનાર બોલર છે. જ્યારે મોહિત શર્માએ પોતાના ૪ ઓવરના સ્પેલમાં ૭૩ રન આપ્યા છે. આ લિસ્ટમાં ત્રીજા સ્થાને બેસિલ થંપી છે, જેને વર્ષ ૨૦૧૮ માં એક જ સ્પેલમાં ૭૦ રન આપ્યા હતા. યશ દયાલે પોતાના સ્પેલમાં ૬૯ રન આપ્યા અને રીસ ટોપલીએ પણ એક સ્પેલમાં ૬૮ રન આપ્યા.

# અરમાન થઇ ગયા પુરા, ધોનીએ વિગ્નેશને શાબાશી આપી

એક યુવા ક્રિકેટર માટે મેદાનની વચ્ચે એમએસ ધોની તરફથી વખાણ મેળવવાથી મોટી ભેટ શું હોઈ શકે. ૨૪ વર્ષીય બોલર વિગ્નેશ પુથુરે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે તેના સ્પિનિંગ બોલથી સૌ કોઈના દીલ જીત્યા હતા. ઈમ્પેક્ટ પ્લેયર તરીકે મેદાનમાં ઉતરેલા વિગ્નેશ રૂતુરાજ ગાયકવાડ, શિવમ દુબે અને દીપક હુડાને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો. વિગ્નેશ ડેબ્યૂ મેચમાં જ તેના શાનદાર પ્રદર્શનથી પ્રભાવિત થયો હતો અને CSKની જીત કરતાં તેની બોલિંગની વધુ ચર્ચા થઈ હતી. જો કે, ઓટો ડ્રાઈવરના પુત્ર વિગ્નેશ માટે, તે એક મિનિટ ઐતિહાસિક અને ખાસ બની ગઈ, જ્યારે માહીએ વચ્ચેના મેદાન પર તેની વાત સાંભળી અને હસીને તેના ખભાને થપથપાવ્યા.મુંબઈ ઈન્ડિયન્સ દ્વારા આપવામાં આવેલા ૧૫૬ રનના લક્ષ્યનો પીછો કરતી વખતે ચેન્નાઈ સુપર કિંગ્સ ખૂબ જ મજબૂત સ્થિતિમાં દેખાઈ રહી હતી. મુંબઈનો દરેક બોલર આઉટ ઓફ ફોર્મ દેખાઈ રહ્યો હતો અને રૂતુરાજ ગાયકવાડનું બેટ જોરથી બોલી રહ્યું હતું. જોકે, આ દરમિયાન MIએ ૨૪ વર્ષીય સ્પિન બોલરને મેદાનમાં ઉતાર્યો હતો. નામ વિગ્નેશ પુથુર. વિગ્નેશ આવ્યો અને તેની બોલિંગથી ચેપોક મેદાન પર પ્રભુત્વ જમાવ્યું. ૪ ઓવરના સ્પેલમાં વિગ્નેશે CSKના ત્રણ મહત્વના બેટ્સમેનોને પેવેલિયનનો રસ્તો બતાવ્યો, જેમાં કેપ્ટન રુતુરાજ ગાયકવાડની વિકેટ પણ સામેલ હતી.જો કે આ જીત ચેન્નાઈ સુપર કિંગ્સની હતો, પરંતુ વિગ્નેશ બધાની નજરમાં આવ્યો. પરંતુ વિગ્નેશ માટે, તેના જીવનની સૌથી ખાસ ક્ષણ મેચ પૂરી થયા પછી આવી, જ્યારે રૈં બોલરને એમએસ ધોનીને મળવાનો મોકો મળ્યો. ધોની વિગ્નેશ તરફ આવ્યો અને તેની સાથે હાથ મિલાવ્યા.વિગ્નેશે માહીના કાનમાં કંઈક કહ્યુ, જે સાંભળીને ધોનીના ચહેરા પર સ્મિત આવી ગયું અને તેણે યુવા બોલરની પ્રશંસા કરી અને તેના ખભા પર ઘણી વાર થપ્પડ મારી. દર્શકો માટે આ સામાન્ય વાત હશે, પરંતુ વિગ્નેશ આ ખાસ ક્ષણને વર્ષો સુધી યાદ રાખશે.ચેપોક મેદાન પર રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા મુંબઈ ઈન્ડિયન્સે ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૫૫ રન બનાવ્યા હતા. ટીમ વતી તિલક વર્માએ ૩૧ રન અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે ૨૯ રનનું યોગદાન આપ્યું હતું. CSKએ ૧૫૬ રનનો ટાર્ગેટ ૧૯.૧ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. કેપ્ટન રૂતુરાજ ગાયકવાડે ૪૫ બોલમાં ૬૫ રનની શાનદાર ઈનિંગ રમી હતી. જ્યારે રૂતુરાજે ૨૬ બોલમાં ૫૩ રન બનાવ્યા હતા.



સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૨૪ માર્ચ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## બુલેટ ટ્રેન ક્રેઈન દૂર્ઘટનામાં અમદાવાદ-સુરત-મુંબઈ વચ્ચે દોડતી ૨૫ ટ્રેનો રદ

### વટવા હાથીજણ રેલ્વે ઓવર બ્રિજ પાસે મહાકાય ક્રેઈન તૂટી પડતા અમદાવાદ-મુંબઈ વચ્ચેનો ટ્રેન વ્યવહાર અસરગ્રસ્ત થતા હજારો મુસાફરો અટવાયા

**સુરત, તા. ૨૪**

અમદાવાદથી મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનની કામગીરી ચાલી રહી છે, ત્યારે અમદાવાદના વટવા હાથીજણ વિસ્તારમાં રેલવે ઓવરબ્રિજ પાસે બુલેટ ટ્રેનના પિલ્લર ઊભા કરવામાં આવી રહ્યા છે, જેમાં વિશાળ ક્રેન લગાવવામાં આવી છે. જે ક્રેન અચાનક જ રવિવારની રાત્રે પિલ્લરના વચ્ચેના ભાગ ઉપર ધરાશાયી થઈ હતી. વિશાળકાય ક્રેન પડતાં અમદાવાદ મુંબઈ વચ્ચેના રેલવે વ્યવહારને અસર થઈ હતી ઓવરહેડ વાયર તૂટી ગયો હોવાથી મુંબઈ-સુરત-અમદાવાદ વચ્ચેનો સંળગ રેલવે વ્યવહાર ખોરવાયો હતો.

અનુસંધાન પાના ૭ પર

### દુર્ઘટનાને પગલે રદ કરાયેલી ટ્રેન

૧૯૪૧૮ વીટીએ-બીવીઆઈ એક્સપ્રેસ, ૬૯૧૧૬ મેમુ, ૬૯૧૧૪ મેમુ, ૧૨૯૩૨ ડબલ ડેકર એક્સપ્રેસ, ૧૨૯૩૧ ડબલ ડેકર એક્સપ્રેસ, ૬૯૧૦૮ મેમુ, ૫૯૫૪૯ સંકલ્પ ફાસ્ટ પેસેન્જર, ૫૯૫૫૦ સંકલ્પ ફાસ્ટ પેસેન્જર, ૨૦૯૪ એડીઆઈ-એક્સપ્રેસ, ૬૯૧૩ મેનુ, ૬૯૨૦૧ મેનુ, ૧૯૦૩૩-૧૯૦૩૪ ગુજરાત ક્વીન, ૨૨૯૫૩ - ૨૨૯૫૪ ગુજરાત એક્સપ્રેસ, ૧૯૦૩૫-૧૯૦૩૬ ઈન્ટરસિટી એક્સપ્રેસ, ૨૨૯૬૦ જેએએમ-બીઆરસી ઈન્ટરસિટી એક્સપ્રેસ, ૨૦૯૫૯-૨૦૯૬૦ વીડીજી બીઅલ એક્સપ્રેસ, ૬૯૧૩૦-૬૯૧૧૫ મેમુ, ૧૨૯૩૪-૧૨૯૩૩ કર્ણાવતી એક્સપ્રેસ, ૧૯૦૩૩ ગુજરાત કવીન, ૨૨૯૫૩ ગુજરાત એક્સપ્રેસ સહિતની ટેનો રદ કરાઈ હતી



સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ફરી કાળઝાળ ગરમી પડી રહી છે. સુરતમાં આજે તાપમાનનો પારો ૪૦ ડિગ્રી ઉપર પહોંચવાની સંભાવના છે. ચોમાસામાં ભરચક વહેતી તાપી નદી ઉનાળાના દિવસોમાં સંકેલાઈ ગઈ છે. તાપી નદીના સૂકા પટ પર હોડીઓ પણ નિરાંત માણતી હોવાનું તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીર : હનીફ મલેક)

## હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝમાં મોડી રાત્રે ચપ્પુ દેખડી મોબાઈલની લૂંટ

### સીસી કેમેરાના આધારે લૂંટારૂઓને શોધતી પોલીસ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૪**

સચીન હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં મોડી રાત્રિના સમયે એક કંપનીના ગેટની બહાર ખુલ્લી જગ્યામાં પેશાબ કરવા ઉભેલા યુવકને બાઈક ઉપર આવેલા ત્રણ જણાએ ચપ્પુ બતાવી મારી નાંખવાની ધમકી આપી મોબાઈલની લુંટ ચલાવી હતી. હોજીવાલા પોલીસ ચોકી નજીક બનેલા બનાવ બાબતે ભોગબનનારે ગુનો નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજને આધારે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ફરીયાદી સુમિતસિંહ દિનેશસિંહ હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના યમુના ક્રિએશન પાસે ખુલ્લી જગ્યામાં પેશાબ કરી રહ્યો હતો ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલા રવિ તિવારી દુર્ગેસ સીંગ અને સુમંત નામના ટપોરીએ સુમિત સિંહને આંતરી લઇ ચપ્પુ બતાવ્યું હતું. તેરા મોબાઈલ હમકો દે દે, નહીં તો ચપ્પુ સે માર દુંગા તેમ કહી મોબાઈલ લુંટી લીધો હતો. મોબાઈલ ઝુંટવાનો

## સુરતમાં બપોરે કાળઝાળ ગરમી લઘુત્તમ તાપમાનમાં ૨ ડિગ્રીનો વધારો

### સાંજે તાપમાનનો પારો ૪૦ ડિગ્રી પાર કરે તેવી શક્યતા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૪**

માર્ચ મહિનો પુર્ણ થવા આવ્યો છે ત્યારે ગઈકાલે શહેરનું મહત્તમ તાપમાન ત્રણ ડિગ્રી વધી ગયું હતું. મહત્તમ તાપમાન વધતા બપોરે આકરી ગરમીનો લોકોએ સામનો કર્યો હતો. બીજી તરફ આજે સવારનું લઘુત્તમ તાપમાન પણ બે ડિગ્રી વધતા સવારથી જ ગરમીનો અહેસાસ થયો હતો. હવામાન ખાતા દ્વારા આગામી ૨૪ કલાકમાં સુરત સહિત દ.ગુજરાતના કોસ્ટલ વિસ્તારોમાં હીટ વેવની આગાહી કરી છે ત્યારે તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી જવાની શક્યતા છે.

હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાકમાં સુરત સહિત દ.ગુજરાત સહિતના કોસ્ટલ એરિયામાં હીટ વેવની આગાહી કરી છે. સુકા પવનો ફુંકાવા સાથે વાતાવરણ ગરમ રહેશે અને તાપમાનનો પારો પણ વધશે. દરમિયાન આજે સવારે સુરત શહેરનું લઘુત્તમ તાપમાન ગઈકાલની સરખામણીએ ૨ ડિગ્રી વધી ગયું હતું. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૨૧.૮ સેલ્સિયસ ડિગ્રી હતુ જે આજે સવારે વધીને ૨૩.૨ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. વધુમાં વિતેલા એક અઠવાડીયામાં મહત્તમ તાપમાનનો પારો ૩૬ સેલ્યિસ ડિગ્રી સુધી જ નોંધાતો હતો જે ગઈકાલે ત્રણ ડિગ્રી વધી જતા ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો. રવિવારે શહેરનું મહત્તમ તાપમાન ૩૮.૭ સેલ્સિયસ ડિગ્રી ઉપર પહોંચી ગયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૪ મિલીબાર રહ્યું હતું.

## પરિવર્તન પેનલમાં ભંગાણ પડતા એસડીસીએની ચૂંટણીમાં ઘમાસાણ

### સુરત ક્રિકેટ એસો.ના વહીવટદારો સામે ૧૨ વર્ષથી મેદાને પડેલા વિપુલ મુન્શી સ્ટેડિયમ પેનલમાં ભળી ગયા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૪**

૧૩ એપ્રિલ ના રોજ સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ની ચુંટણી યોજાવવાની છે ત્યારે આ વખતની ચૂંટણીમાં દેસાઈ લોબી ની સામે કોળી પટેલ સમાજ, મોઢ વણિક સમાજ અને અન્ય સમાજ એક થઈને ચૂંટણી લડશે અને સામ સામે ચૂંટણીજંગ જામી રહ્યો હોવાનું જાણવા મળે છે. આ સાથે સ્ટેડિયમ પેનલ માં છેલ્લા બાર વર્ષથી ચૂંટણી લડનાર પરિવર્તન પેનલના કેટલાક દગાખોર ઉમેદવારો ભળી જવાને કારણે અત્યાર સુધી પરિવર્તન પેનલને ચૂંટણીમાં સાથ સહકાર આપનારા સમર્થકો અને સભાસદોમાં ભારે નારાજગી અને આક્રોશ ભભુકી ઉઠ્યો હોવાનું જાણવા મળે છે.

અનુસંધાન પાના ૭ પર

### સાંજે બે પેનલોના ઉમેદવારની યાદી ફાઈનલ થશે

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ની ચૂંટણી ૧૩ એપ્રિલ ના રોજ લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે યોજાવવાની છે ત્યારે સોમવારના સાંજ સુધીમાં ઉમેદવારી પત્રક પરત ખેંચવાનો અંતિમ દિવસ છે ત્યારે કેટલા ઉમેદવારો પોતાની ઉમેદવારી પરત ખેંચે છે તેના પર ૫,૫૦૦ થી વધુ સભ્યોની મીટ મંડાઈ રહેલી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એસડીસીએ ની ચૂંટણીમાં ૧૦૮ દાવેદારોએ પોતાના ઉમેદવારપત્ર ભર્યા હતા. ચૂંટણી ફોર્મની ચકાસણીના દિવસે ચૂંટણી કમિશનર અને એડવોકેટ આર.જી. શાહ અને એડવોકેટ કમલેશ યાગ્નિક એ જુદા જુદા કારણોસર સાત ફોર્મ રદ કરી દીધા હતા. જે સાત ઉમેદવારોના ફોર્મ રદ કરવામાં આવ્યા હતા તે તમામ સાથે ઉમેદવારો ઓફિસર જ્યોતીન્દ્ર ભાઈ પાસે ગયા

અનુસંધાન પાના ૭ પર

### સમાધાનમાં સાંસદ મુકેશ દલાલની મહત્વની ભૂમિકા

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનની ચૂંટણી ૧૩ મી એપ્રિલ ના રોજ યોજાવવાની છે ત્યારે સ્ટેડિયમ પેનલ, પરિવર્તન પેનલ અને લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ની સ્ટેડિયમ પેનલ આમ ત્રણ ચેનલો વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યો છે ત્યારે આજે સાંજે સુરત લોકસભાના સાંસદ મુકેશ દલાલ કનૈયાભાઈ કોન્ટ્રાક્ટર ના નિવાસ્થાને પહોંચી ગયા હતા. જ્યાં તેઓએ મુખ્ય રસ દાખવીને સ્ટેડિયમ પેનલ અને

અનુસંધાન પાના ૭ પર

### સ્ટેડિયમ પેનલમાંથી જતીન દેસાઈને પડતા મૂકી દેવાયા

છેલ્લા ઘણા વર્ષોથી સ્ટેડિયમ પેનલ માંથી ખૂબ સારા મતોથી વિજય પામનાર યતીન દેસાઈ ને છેલ્લી ઘડીએ સ્ટેડિયમ પેનલ માંથી પડતા મૂકવામાં આવ્યા છે. ત્યારે તેમની સાથે ટેલિફોનિક વાતચીત કરતા યતીન દેસાઈએ જણાવ્યું હતું કે, મારી સાથે ખૂબ અન્યાય કરવામાં આવ્યો છે. સ્ટેડિયમ પેનલ મા છે નવા ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેઓને ખૂબ ઓછા મત મળ્યા છે. સ્ટેડિયમ પેનલ માં

અનુસંધાન પાના ૭ પર



સુરતના ઉધના આશાનગર ખાતે દશામાના વ્રતની ભવ્ય ઉજવણી ભારે ભક્તિભાવ તથા શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી હતી. દશામાના વ્રતની ઉજવણી પ્રસંગે એકત્ર થયેલી રાજસ્થાની મહિલાઓની આ તસ્વીર છે. (તસવીર : હનીફ મલેક)

## પરિણીતાએ કરેલી આત્મહત્યા અંગે સાસરીયા સામે ગુનો દાખલ

### અંબાનગરની ઘટનામાં પતિ અને સાસુ વિરૂદ્ધ દુષ્પ્રેરણાની ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૨૪**

ઉધના મગદલ્લા રોડ, અંબાનગરમાં રહેતી પરિણીતાએ શનિવારે બપોરે ઘરમાં ફાંસોખાઈ આપઘાત કર્યો હતો. આ પ્રકરણમાં પોલીસે મૃતક પરિણીતાના માતાની ફરિયાદને આધારે તેના પતિ અને સાસુ સામે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કર્યો છે ખટોદરા પોલીસના જણાવ્યા મુજબ સૈયદપુરા માર્કેટ, વકીલ સ્ટ્રીટ પાછળ પ્રેમગલીમાં રહેતા જયાબેન દિપકભાઈ મારૂએ ગતરોજ ઉધના મગદલ્લા રોડશ્વ અંબાનગર-૨ ગજાનંદ શેરીમાં રહેતા ધવલ હસમુખલાલ જરીવાલા અને તેના માતા જ્યોત્સનાબેન હસમુખલાલ જરીવાલા સામે આત્મહત્યા કરવા માટે મજબુર કરવા મામલે દુષ્પ્રેરણાનો ગુનો નોદ્ધધાયો છે. જેમાં તેઓએ જણાવ્યું હતું કે તેમની દીકરી રિનાના ધવલ સાથે લગન્ થયા હતા. છેલ્લા એક વર્ષથી તેની દીકરી

અનુસંધાન પાના ૭ પર

## હીરા દલાલ પાસેથી રૂા.૧૭ લાખનો માલ ખરીદી ચાર લોકો દ્વારા ઠગાઈ

### જવેલ સ્ટાર ડીઝાઈને લખી આપેલો પેમેન્ટનો ચેક પણ રિટર્ન થયો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૪**

મહીધરપુરા હીરા બજારમાં જવેલ સ્ટાર ડિઝાઈન્સ નામની ઓફીસ ખોલી ચાર ભાગીદારોએ હીરા દલાલી કરતા રાંદેર તાડવાડીના હીરા દલાલ પાસેથી કુલ રૂ.૧૭ લાખના અલગ-અલગ કેરેટના હીરા ખરીદી કરી તેના પેમેન્ટ પેટે આપેલા ચેક રિટર્ન કરાવડાવી હીરા દલાલે ઉઘરાણી કરતા તેને યોગ્ય જવાબ નહીં આપી છેતરપિંડી કરી હતી. આ મામલે મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર મુળ ભાવનગરના વતની અને હાલ રાંદેર તાડવાડી વિસ્તારમાં હનુમંત ચોક પાસે આનંદ વાટીકા એપાર્ટમેન્ટમાં રહેતા કેતન પ્રતાપરાય શાહ ઉ.વ.૬૨ મહીધરપુરા હીરા બજારમાં હીરા દલાલી કરે છે. દરમિયાન વિતેલા બે વર્ષના સમયગાળામાં મહીધરપુરા હીરા બજારમાં ગોળ શેરીમાં જવેલ સ્ટાર ડીઝાઈન્સ ના નામથી ભાગીદારીમાં પિંકેશ જયેશ જાડાવાલા ઉ.વ.૩૩, ગૌરવ કાંતીલાલ પાનવાલા ઉ.વ.૩૨, રાકેશ શશીકાંત ખરવર અને નયનકુમાર કનૈયાલાલ ગજ્જરે કેતન પ્રતાપરાય શાહ પાસેથી ટુકડે ટુકડે અલગ-અલગ કેરેટના કુલ રૂ.૧૭ લાખના હીરા ખરીદી કર્યા હતા. જેનું પેમેન્ટ વેપારી ધારા ધોરણ પ્રમાણે ચુકવી દેવાનું જણાવી પેમેન્ટ પેટે ચેક આપ્યા હતા. જોકે ચેક રિટર્ન થયા હતા. આખરે આ મામલે ગઈકાલે હીરા દલાલે છેતરપિંડીની ફરીયાદ નોંધાવી હતી.

## પશ્ચિમ રેલ્વે ઉનાળાની ખાસ ટ્રેનોની ૯૩૦ ટ્રીપ દોડાવશે

### ટ્રેનોમાં ૩૦૦ જનરલ સેકન્ડ ક્લાસ કોચ ઉમેરાયા : ઉધનાથી છ ખાસ જોડી, જ્યારે ૧૪ જોડી ટ્રેનો ઉધના અથવા ભેસ્તાન થઈને દોડી રહી છે

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૨૪**

આગામી ઉનાળાના વેકેશન દરમિયાન મુસાફરોની સુવિધા અને તેમની માંગને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલ્વે પશ્ચિમ રેલ્વેના વિવિધ સ્ટેશનોથી વિવિધ સ્થળોએ ઘણી ખાસ ટ્રેનો ચલાવી રહી છે. આ ટ્રેનો નિયમિત ટ્રેનો ઉપરાંત દોડાવવામાં આવી રહી છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, વર્તમાન ઉનાળાના વેકેશન દરમિયાન મુસાફરીની માંગને પહોંચી વળવા માટે, પશ્ચિમ રેલ્વેએ અત્યાર સુધીમાં વિવિધ સ્થળોએ ૨૯ જોડી સમર સ્પેશિયલ ટ્રેનોની ૯૩૦ ટ્રીપ ચલાવી છે. આમાંથી, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી અને રાજસ્થાન રાજ્યો માટે ૧૬ જોડી ટ્રેનોની ૩૭૬ ટ્રીપો ચલાવવામાં આવી રહી છે, જ્યારે બિહાર, ઓડિશા અને પશ્ચિમ બંગાળ જેવા પૂર્વી રાજ્યો માટે ૦૭ જોડી ટ્રેનોની ૧૪૦ ટ્રીપો ચલાવવામાં આવી રહી છે. તેવી જ રીતે, તેલંગાણા અને કર્ણાટક રાજ્યો માટે ૦૨ જોડી ટ્રેનોની ૧૦૬ ટ્રીપ ચલાવવામાં આવી રહી છે. ઉધના (સુરત પ્રદેશ) ના મુસાફરોની સુવિધા માટે, ૦૬ જોડી ખાસ ટ્રેનોની ૧૯૨ ટ્રીપો ચલાવવામાં આવી રહી છે, જ્યારે ૧૪ જોડી ટ્રેનોની ૩૪૮ ટ્રીપો ઉધના અથવા ભેસ્તાન થઈને ચલાવવામાં આવી રહી છે. તેવી જ રીતે, ગુજરાતના અન્ય સ્ટેશનો જેમ કે અમદાવાદ, ગાંધીધામ, વડોદરા,

અનુસંધાન પાના ૭ પર

## પાલના બિલ્ડરની સિંગણપોર ખાતેની જમીન મુંબઈના ભાગીદારે પચાવી પાડી

### તળશી મોણપરા સામે ગુનો દાખલ, જમીનમાં પ્રોજક્ટ મુકવાને બહાને દસ્તાવેજ બનાવી લીધો

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૨૪**

પાલ આર.ટી.ઓ પાસે રહેતા બિલ્ડરે સહજાનંદ હોમસોલ્યુશન એલ.એલ. પી નામે ભાગીદારી પેઢીમાં કોર્મોશીયલ પ્રોજેક્ટ મુકવા માટે કતારગામ સિંગણપોર ખાતે જમીન ખરીદી હતી. જાકે મુંબઈના ભાગીદારે જમીનનો દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધા બાદ જમીન ઉપર પ્રોજેક્ટ નહી મુકી પાલના ભાગીદારને પેઢીમાંથી કાઢી મુકયે હતો. તેમજ બિલ્ડરને જમીન અંગે બીજીવાર વાત કરી તો મુંબઈથી માણસો મોકલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બિલ્ડરની ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરી તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

બનાવ અંગે ચોકબજાર પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત મુજબમૂળ ભાવનગર, વલભીપુર તાલુકો, તોતણીયાળા ગામન વતની અને હાલ સુરત શહેરમાં વેડ રોડ કેશવપાર્ક સોસયટી તથા પાલ આર.ટી.ઓ. સામે રાજહંસ એલીટા ખાતે રહેતા અને ખેતીકામની સાથે બાંદખામનું કામકાજ કરતા રમેશભાઈ નરશીભાઈ પટેલ (ઉ.વ.૫૮) ભાગીદારો સાથે મેસર્સ સહજાનંદ હોમ સોલ્યુસન એલ.એલ.પી. નામે

અનુસંધાન પાના ૭ પર

## સુરત જિલ્લામાં અલગ અલગ માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિના મોત

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૪**

સુરત જિલ્લામાં અલગ અલગ ત્રણ માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિના મોતની ઘટના સ્થાનિક પોલીસ મથકે નોંધાઈ હતી

માંડવી પોલીસના જણાવ્યા મુજબ તડકેશ્વર ગામની સીમમાં નરોલી ત્રણ રસ્તા પાસે બાઈક નંબર ય્ન્૧૯મ્ન્૬૨૫૯ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે હંકારી ફરિયાદી જયનાબેન રમેશભાઈ ચૌધરી ના પતિની બાઇકને ટક્કર મારતાં ફરિયાદીના પતિ રમેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતા રમેશભાઈ નું મૃત્યુ નીપજ્યું હતું.

કામરેજ પોલીસના જણાવ્યા મુજબ પુણાગામ હંસ વિહાર સોસાયટીમાં રહેતા કેવલ બાબુ વઘાસિયા પોતાની બાઈક ઉપર કામરેજ નવાગામ

અનુસંધાન પાના ૭ પર




કાળઝાળ ગરમીમાં સુરત શહેરની સડકો પર આઈલેન્ડમાં ઉડતો પાણીનો ફૂવારો રાહદારીઓનું ધ્યાન આકર્ષિત કરી રહ્યો છે. ભારે ગરમીમાં આલ્હાદક અનુભવ કરાવતા પાણીના ફુવારાની તસ્વીર મજુરાગેટ સર્કલ પાસેના આઈલેન્ડની છે. (તસવીર : હનીફ મલેક)